કચ્છ-સૌરાષ્ટ્રના સર્વે માનવંતા ગ્રાહકમિત્રોને જણાવવાનું કે **કચ્છ ઉદય સાંધ્ય દૈનિક**માં જાહેરાત માટે અમારા બ્યુરો ઓફીસ રાજકોટમાં સંપર્ક કરો.
PAN COMMUNICATIONS
National & International News Papers & Magazine Advertising Agent, RAJKOT
Mo.: 98250 35635

ગાંધીધામ (પૂર્વ કચ્છ) ભૂજ (પશ્ચિમ કચ્છ)થી પ્રસિદ્ધ થતું સાંધ્ય દૈનિક તથા ગાંધીનગરથી પ્રસિદ્ધ થતું સવારનું દૈનિક કિંમત રૂા. ૨.૦૦/-
Website : www.kutchuday.com
E-mail : kutchuday@gmail.com
તા.૦૭ જૂન, ૨૦૨૫ શનિવાર
કચ્છ, કચ્છીયત અને કચ્છીમાડુની અસ્મિતાનું દર્પણ
# કચ્છ ઉદય
૩૨ વર્ષેથી અણનમ રહેતું કચ્છનું એક માત્ર અડિખમ સાંધ્ય દૈનિક

કચ્છ ઉદય
માંડવી તાલુકાના સિરવા, મેરાઉ, ગોધરા, મોટા લાયજા, ભીરસરા, બાડા, જનકપર, બાયડ, પદમપર, કાઠરા, દુર્ગાપુર, રાયણ, કોડાય, ડોણ, રતાડીયા, તલવાણા, નાની ખાખર, મસ્કા, ગુંદીયાળી, બિદડા, વાડા, ભાડાઈ, ફરાદી, પુનડી, જખણીયા, આસંબીયા, પીપરી, ભાડીયા, તથા આસપાસના વિસ્તારોમાં સર્ક્યુલેશન કરી શકે તેવા ઉત્સુક અને નવ યુવાનની જરૂરી છે.
અવસાન નોંધ, પ્રેસનોટ, શ્રદ્ધાંજલિ અભિનંદન, જાહેર ખબરમાં સંપર્ક કરો
અમરભાઈ વાઢા : 98790 14187
કલ્યાણ કોમ્પલેક્ષ, એસ.ટી. રોડ, માંડવી-કચ્છ.

◆અંક નંબર : ૦૧૭◆વર્ષ : ૩૨ ◆પાના - ૮ ◆ મુદ્રક, પ્રકાશક, માલીક અને તંત્રી : ગંગારામ એલ.ભાનુશાળી ◆Regd No. G-KCH - 184-2019-2021 ◆RNI No. 54972/94◆ સંવત ૨૦૮૧ ◆ જેઠ સુદ-૧૨◆ગાંધીધામ મો.૯૯૨૫૧ ૧૧૪૨૩ ◆ ભુજ મો.૯૮૨૫૦ ૯૪૭૭૪ ◆ ફેક્સ : ૨૩૧૨૬૭, ૨૩૯૮૮૭

# ઈદ ઉલ અઝહા દેશની સાંસ્કૃતિક એકતાનુ પ્રતિક



## વડાપ્રધાને દેશવાસીઓને ઈદ ઉલ અઝહાની પાઠવી શુભકામના

નવી દીલ્હી : પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ બકરી ઈદ ૨૦૨૫ના અવસરે દેશવાસીઓને શુભેચ્છા પાઠવી છે. તેમણે આ તહેવારને 'ત્યાગ અને એકતા'નો પ્રતીક ગણાવ્યો અને સમાજમાં ભાઈચારા અને સૌહાર્દની ભાવનાને પ્રોત્સાહિત કરવાની અપિલ કરી.પ્રધાનમંત્રી મોદીએ તેમના ટ્વિટર એકાઉન્ટ પર લખ્યું હતું, "ઈદ ઉલ અઝહાની શુભેચ્છાઓ. આ તહેવાર ત્યાગ, કરુણા અને ભાઈચારા જેવા મૂલ્યોને પ્રોત્સાહિત કરે છે. હું ઈચ્છું છું કે આ પવિત્ર અવસર સમાજમાં એકતા અને શાંતિની ભાવનાને વધુ મજબૂત બનાવે."ઈદ ઉલ અઝહા, જેને ઈદ-ઉલ-અઝહા પણ કહેવામાં આવે છે, મુસ્લિમ સમુદાય માટે ત્યાગ અને ભક્તિનો તહેવાર છે. આ તહેવારની ઉજવણી દરમિયાન, લોકો નમાઝ અદા કરે છે, પ્રાણીઓનું બલિદાન આપે છે અને જરૂરિયાતમંદોને દાન આપે છે, જે સમાજમાં એકતા અને સૌહાર્દની ભાવનાને મજબૂત બનાવે છે.

ભાજપના નેતા મુખ્તાર અબ્બાસ નકવી અને યાસીર જિલાની સહિત અન્ય નેતાઓએ પણ બકરી ઈદની શુભેચ્છાઓ પાઠવી છે. તેમણે આ તહેવારને ભાઈચારા અને સામાજિક એકતાનો પ્રતીક ગણાવ્યો અને સૌને સુખ, શાંતિ અને સમૃદ્ધિની શુભકામનાઓ પાઠવી છે.આ તહેવાર સમાજમાં એકતા, ભાઈચારા અને સૌહાર્દની ભાવનાઓને પ્રોત્સાહિત કરે છે અને દરેકને સુખ, શાંતિ અને સમૃદ્ધિની શુભકામનાઓ આપે છે.

કચ્છ ઉદય
**કચ્છના શાંતિ-અમન કાયમ રહે :**
સર્વે મુસ્લીમ બિરાદરોને કચ્છ ઉદય પરીવાર તરફથી પવિત્ર ઈદ ઉલ અઝહાની મુબારકબાદી.
–વ્યવસ્થાપક

## કચ્છ-ગુજરાત-ભારતનો ભાઈચારો કાયમ રહે..!



**તસવીર : અશોક મિતલ**

**આજે ઈદ ઉલ અઝહાની દેશભરમાં ઉજવણી કરવામા આવી છે. ત્યારે કચ્છના ગાંધીધામ શહેરની પણ સુપ્રસિદ્ધ નુરી મસ્જિદ મધ્યે વહેલી સવારે નમાઝ અદા કરવામા આવી હતી તે વેળાની તસવીરમાં સર્વે મુસ્લીમ બિરદરો મોટી સંખ્યામાં ઉપરોક્ત તસવીરમાં દ્રશ્યમાન થાય છે.**

## પેટાચૂંટણીનો જંગ : કોંગ્રેસની કવાયત: સ્ટાર પ્રચારકોની યાદી જાહેર



**પ્રદેશ પ્રભારી મુકુલ વાસનીક, શકિતસીંહ ગોહીલ, ગેનીબેન ઠાકોર સહિતના ૪૦ નેતાઓ બે વિધાનસભા બેઠકો માટે કરશે પ્રચાર**

ગાંધીનગર : ગુજરાતમાં બે વિધાનસભા બેઠકો માટેની પેટાચૂંટણીની જાહેરાત થવા પામી ગઈ છે. કડી અને વિસાવદર બેઠક પર બરાબરનો ખેલ શરૂ થવા પામી ગયો છે ત્યારે હવે કોંગ્રેસ પાર્ટી દ્વારા પણ કવાયત હાથ ધરવામાં આવી ગઈ છે. પેટાચૂંટણી માટે કોંગ્રેસ પાર્ટીએ ૪૦ જેટલા સ્ટાર પ્રચારકોની જાહેરાત કરી દીધી છે. આજ રોજ આ યાદી પણ ઘોષિત કરવામા આવી ચૂકી છે. સ્ટાર પ્રચારકોમો કોંગ્રેસના પ્રદેશ પ્રભારી મુકુલ વાસનિક, પ્રદેશ અધ્યક્ષ શકિતસિહ ગોહીલ,ગેનીબેન ઠાકોર, પરેશ ધાનાણી, અમિત ચાવડા, જગદીશ ઠાકોર સહિતનાઓનો સમાવેશ કરવામા આવ્યો છે. આ તમામ સ્ટાર પ્રચારકો બન્ને બેઠકો પર કોંગ્રેસના ઉમેદવારો માટે ચૂંટણી પ્રચાર કરશે.

# જામનગરને સીએમની વિકાસ ભેટ





**૪૩૦ કરોડથી વધુનાં ૩૦ પ્રકલ્પોનું ઈ-લોકાર્પણ : આંગણવાડી, બે નવા ફલાય ઓવર, સામુહીક આરોગ્ય કેન્દ્ર, મનપા ઓફીસ સહિતના વિકાસકામોનું મુખ્યપ્રધાને કર્યુ લોકાર્પણ : શહેરીવિકાસ માટે રાજય સરકાર પ્રતિબદ્ધ હોવાનો વ્યકત કર્યો વિશ્વાસ**

(પ્રતિનિધિ દ્વારા)
ગાધીનગર : ગુજરાત રાજયના મુખ્યપ્રધાન આજ રોજ સૌરાષ્ટ્રના જામનગરના પ્રવાસે પહોચ્યા હતા અને અહી તેઓએ કરોડોના વિકાસકામોની ભેટ આપી છે. આજ રોજ અહી ૪૩૦ કરોડના વિકાસકામોની ભેટ સીએમ દ્વારા આપવામાં આવી છે. તેઓને એરપોર્ટ મથકે કેબીનેટ મંત્રી તથા જામગનરના પ્રભારીમંત્રીશ્રીમુળુભાઈ બેરા, પુનમ માડમ સહિતઓ

અનુસંધાન પાના નં.૪ પર

## દેશભરમાં ઈદ ઉલ અઝહાની ભવ્ય ઉજવણી



**કચ્છ-ગુજરાત સહિત દેશના મોટાભાગના વિસ્તારોમાં વહેલી સવારે નમાજ : દિલ્હીની જામા મસ્જિદ બની આકર્ષણનું કેન્દ્ર**

નવી દિલ્હી : આજ રોજ સમગ્ર ભારત સહિત સમગ્ર વિશ્વમાં ઈસ્લામિક તહેવાર ઈદ ઉલ-અઝહા, જેને સામાન્ય ભાષામાં બકરી ઈદ કહેવામાં આવે છે, ધાર્મિક શ્રદ્ધા અને ઉત્સાહ સાથે ઉજવાઈ રહ્યો છે. મુસ્લિમ સમુદાયના લોકો વહેલી સવારે મસ્જિદોમાં વિશેષ નમાજ માટે એકત્ર થયા હતા અને નમાજ અદા કર્યા બાદ ગળે મળીને પરસ્પર શુભકામનાઓ પાઠવી રહ્યા છે. સોશિયલ મીડિયા પર દેશના અનેક શહેરોથી બકરી ઈદની ઉજવણીની તસવીરો અને વીડિયો વાયરલ થઈ રહ્યા છે, જેમાં મસ્જિદોની બહારનો ભક્તિભાવ, ભાઈચારો અને શાંતિપૂર્ણ માહોલ દેખાઈ રહ્યો છે.રાજધાની દિલ્હીની જામા મસ્જિદ પર બકરી ઈદના પ ાવન અવસરે ધાર્મિક ભક્તિનો વિશાળ દ્રશ્ય જોવા મળ્યો. હજારો મુસ્લિમ ભક્તોએ

અનુસંધાન પાના નં.૪ પર

## દુનિયાના સૌથી શક્તિશાળી રાષ્ટ્રવડા અને સૌથી ધનવાન વ્યક્તિની ટકકર

### ધ અમેરિકન પાર્ટી! મસ્ક હવે રાજકીય સાહસ કરશે



વોશિંગ્ટનઃ અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પથી અત્યંત કટૂતા અને આક્રમક રીતે અલગ થયા બાદ વિશ્વના સૌથી ધનવાન અને ટેસ્લા સહિતની અનેક અમેરિકી-વૈશ્વિક જાયન્ટ કંપનીના બોસ એલન મસ્કે હવે અમેરિકાના રાજકારણમાં ઝંપલાવવા અને ડોનાલ્ડ ટ્રમ્પ તથા તેમના રીપબ્લીકન પાર્ટી અને વિપક્ષ ડેમોક્રેટીક પાર્ટીને પણ પડકારવા તૈયારી કરી છે. તેમના જ માલીકીના એકસ પર મસ્કે શું અમેરિકાને નવા રાજકીય પક્ષની જરૂર છે તેવા એક 'ઓપીનીયન પોલ' જેવી ઝુંબેશમાં ૫૬ લાખ લોકોમાંથી ૮૦.૪% એ સમર્થન આપ્યુ છે. મસ્કે તે પરિણામ શેર કરતા કહ્યું કે લોકોજ હવે નવો રાજકીય પક્ષ ઈચ્છે છે. અમેરિકાને એક એવા નવા પક્ષની જરૂર છે જે ૮૦% લોકોના અવાજ બને. તેઓએ આ માટે 'ધ અમેરિકા પાર્ટી' જેવું નામ પણ રજુ કર્યુ છે. આમ હવે તેમાં રાજકીય રીતે પણ ટ્રમ્પને પડકારે તેવા સંકેત છે. દુનિયાના સૌથી શક્તિશાળી ગણતા અમેરિકાના પ્રમુખ અને દુનિયાના સૌથી ધનવાન વ્યક્તિ તરીકે સતત નંબર વન પર રહેલા એલન મસ્કની આ ટકકર હવે ખરેખર રીતે આગળ વધે છે કે કેમ તેના સૌની નજર છે.બીજી તરફ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે હવે મસ્ક માટે કઈ કહેવુ નથી તેવુ કહીને એ સંકેત આપી દીધો હતો કે તેઓ હવે

અનુસંધાન પાના નં.૪ પર

## 'ઓપરેશન સિંદૂર' પછી ચીન સાથે પહેલી બેઠક

નવી દિલ્હી : ટ્રેડ ડીલને ઝડપી બનાવવાના હેતુથી અમેરિકાનું પ્રતિનિધિમંડળ ભારત આવ્યું છે. ૪ જૂથી ૧૦ જૂન સુધી યુએસ પ્રતિનિધિ મંડળ ભારતમાં રોકાશે. અહીંયા બંને દેશના પ્રતિનિધિ મુખ્યત્વે ટેરિફમાં ઘટાડા મારફતે બંને દેશના બજારોને ખોલવા અને સપ્લાય ચેનના એકીકરણને બહેતર બનાવવા બાબતે વાટાઘાટો કરી રહ્યા છે. દ્વિપક્ષી વેપાર કરારના પ્રથમ તબક્કામાં બંને દેશને લાભદાયી હોય તેવા પાસા પર સંમતિ સાધવા પ્રયાસ થઈ રહ્યા છે. દ્વિપક્ષી વેપારમાં બંને દેશને સરખો લાભ થાય તે હેતુ સાથે વાટાઘાટો ચાલી રહી છે. એડિશનલ યુએસ ટ્રેડ રીપ્રેઝન્ટેટિવના વડપણ

અનુસંધાન પાના નં.૪ પર

## ગ્રામ પંચાયતોની ચૂંટણીમાં ઉમેદવારો પાસેથી માત્ર એકરારનામું લેવા ચૂંટણી આયોગનો આદેશ

ગાધીનગર : રાજ્ય ચૂંટણી પચં દ્વારા ગ્રામ પંચાયતોની ચૂંટણી માટે જે ફોર્મ બહાર પાડવામાં આવ્યું છે, તેમાં સરપંચના ઉમેદવાર કે ગ્રામ પંચાયતના ઉમેદવારને ગેરકાયદે રીતે, કાયદામાં અને બંધારણમાં જોગવાઈ ન હોવા છતાં વિવિધ ડોકયુમેન્ટ અને વિવિધ દાખલાઓ માગવામાં આવી રહ્યા હતા.આ બીડાણની નકશો સંપૂર્ણ રીતે ગેરકાયદે અને બંધારણની વિદ્ધ હોવાની ફરિયાદ-રજૂઆત ગુજરાત કોંગ્રેસે રાય ચૂંટણી પંચને કરી હતી.જેના પગલે રાય ચૂંટણી પંચે ઉમેદવારો પાસેથી માત્ર એકરારનામું લેવાનો આદેશ કર્યો છે. આ આદેશનું ઉલ્લ ંઘન કરનારા ચૂંટણી અધિકારીઓ સામે શિક્ષાત્મક પગલાં લેવાની ચીમકી ચૂંટણી પંચે ઉચ્ચારી હોવાનો દાવો કોંગ્રેસે છે.સ્થાનિક ચૂંટણી અધિકારી દ્વારા ઉમેદવારો પાસેથી કાયદાકીય જોગવાઈ ન હોવા છતાં માગવામાં આવતા જુદા જુદા દાખલા, એફિડેવિટ અને સર્ટિફિકેટ

અનુસંધાન પાના નં.૪ પર

**તિકડમ !**
– દેવેન વ્યાસ



ભૂખ્યા પેટે અને ઉઘાડા પગે આપણને ભણતર અનુકૂળ આવશે ?

## ભારતના ગુકેશે ઈતિહાસ રચ્યો

### મેગ્નસ કાર્લસને ટાઇટલ જીત્યું : ભારતના ગુકેશ ત્રીજા સ્થાને

નવી દીલ્હી :Norway Chess ૨૦૨૫ વિશ્વ ચેમ્પિયન મેગ્નસ કાર્લસને નોર્વે ચેસ ૨૦૨૫ ટુર્નામેન્ટમાં સાતમી વખત ટાઈટલ જીતવાનો ગૌરવ પ્રાપ્ત થયો છે.આ ટુર્નામેન્ટમાં તેણે ૧૬ પોઈન્ટ સાથે પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું, જ્યારે અમેરિકાના ફેબિયાનો કારુઆના ૧૫.૫ પોઈન્ટ સાથે બીજા સ્થાને રહ્યા. ભારતીય ગ્રાન્ડમાસ્ટર ગુકેશ ડોમ્મરાજુ ૧૪.૫ પોઈન્ટ સાથે ત્રીજા સ્થાને રહ્યા.



૧૯ વર્ષીય ગુકેશે ટુર્નામેન્ટમાં ઉત્તમ પ્રદર્શન કર્યું, જેમાં તેણે મેગ્નસ કાર્લસ

અનુસંધાન પાના નં.૪ પર

## આતંકી સંગઠન જૈશના મુખ્યાલય પર લાગ્યું પર્મેનન્ટ કલોઝડનું ટેગ

ભારત દ્વારા પાકિસ્તાન સ્થિત જૈશ-એ-મોહમ્મદના મુખ્યાલય પર કરવામાં આવેલા હુમલા પછી, હવે બહાવલપુરના 'મરકઝ સુભાન અલ્લાહ કેમ્પ'ને ગૂગલ મેપ્સ પર 'કાયમી ધોરણે બંધ' તરીકે દર્શાવવામાં આવી રહ્યું છે. બહાવલપુરનો આ કેમ્પ ભારત-પાકિસ્તાન સરહદથી લગભગ ૧૦૦ કિલોમીટરના અંતરે સ્થિત હતો અને જૈશ-એ-મોહમ્મદનું મુખ્ય તાલીમ અને કટ્ટરવાદ કેન્દ્ર હતું.આ




એ જ ઠેકાણું છે જે આતંકવાદી મસૂદ અઝહર દ્વારા મસ્જિદના નામે સ્થાપિત કરવામાં આવ્યું હતું, પરંતુ તેનો વાસ્તવિક હેતુ આતંકવાદીઓની ભરતી કરવાનો, કટ્ટરવાદનો પ્રચાર કરવાનો અને દાન

અનુસંધાન પાના નં.૪ પર

## તેજસ્વી યાદવની ગાડીઓના કાફલામાં બેકાબૂ ટ્રક ઘૂસી જતાં અકસ્માત, ત્રણ જવાનો ઈજાગ્રસ્ત

નવીદિલ્હી : બિહારના વિપક્ષી નેતા તેજસ્વી યાદવ ગઈકાલે મોડી રાત્રે એક માર્ગ અકસ્માતમાં બચી ગયા હતા. એક બેકાબૂ ટ્રકે તેજસ્વી યાદવના કાફલાને ટક્કર મારી હતી. આ અકસ્માતમાં ત્રણ સુરક્ષા કર્મચારીઓ ઘાયલ થયા હતા. તમામ ઘાયલોને તાત્કાલિક સદર હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. તેજસ્વી યાદવે જણાવ્યું હતું કે આ

અનુસંધાન પાના નં.૪ પર

## ભેંસાણના વાંદરવડ ગામના ખેડૂતોમાં ભારે રોષ, ભાજપના કિરીટ પટેલને છેલ્લી ઘડીએ કાર્યક્રમ રદ કરવો પડ્યો

અમદાવાદ : ગુજરાતમાં જૂનાગઢ જિલ્લાની વિસાવદર વિધાનસભા બેઠક (Visavadar Assembly Bypolls) પર આગામી ૧૯ જૂનના રોજ મતદાન થવાનું છે, ત્યારે આ બેઠક પર ભાજપ અને આમ આદમી પાર્ટી વચ્ચે કાંટાની ટક્કર જોવા મળી રહી છે. અત્યારે તમામ પાર્ટીઓ મતદારોને રીઝવવા માટે એડીચોટીનું જોર લગાવી રહી છે, ત્યારે ભાજપના ઉમેદવાર અને જિલ્લા સહકારી મંડલીના ચેરમેન કિરીટ પટેલને પ્રચાર દરમિયાન કડવો અનુભવ થયો છે.આજે ભાજપના ઉમેદવાર ભેંસાણ તાલુકાના વાંદરવડ ગામે પ્રચાર અર્થે પહોંચ્યા હતા. જો કે છેલ્લી ઘડીએ કિરીટ પટેલને પોતાનો કાર્યક્રમ રદ કરવો પડ્યો હતો. જ્યાં સહકારી મંડળીના કૌભાંડથી અનેક ખેડૂત પરિવારો મુશ્કેલીમાં મૂકાયા છે. આટલું જ નહીં, કૌભાંડનો ભોગ બનેલા રાજાભાઈ નામના ખેડૂતને તો મજબૂરીમાં આપઘાત કરવો પડ્યો હતો. જેના કારણે વાંદરવડ ગામના ખેડૂતોમાં ભાજપ ઉમેદવાર પ્રત્યે ભારોભાર રોષ જોવા મળી રહ્યો છે. લોકોના આક્રોશનો પહેલાથી જ અંદાજો પારખી ગયેલા ભાજપ ઉમેદવારે વાંદરવડ ગામમાં આવવાનું ટાળ્યું હતુ. આ અંગે વાંદરવડ ગામના ખેડૂતોએ ગુજરાતી જાગરણ સાથે વાત કરતા જણાવ્યું કે, ભાજપ ઉમેદવાર કિરીટ પટેલ જિલ્લા સહકારી બેંકના ચેરમેન છે અને તેમના કાર્યકાળ દરમિયાન વાંદરવડ સહકારી મંડળીમાં મોટું કૌભાંડ થયું છે. જેમાં ખાતેદારનું સહકારી બેંકમાં ખાતું ના હોય, તો પણ પૈસા ઉપડી ગયા છે. કેટલાક ખેડૂતોના ખાતામાંથી લિમિટ કરતાં પણ વધારે ધિરાણ ઉપાડી લેવામાં છે. આટલું જ નહીં, મૃતકોના નામે પણ પૈસા ઉપાડવામાં આવ્યા છે.આ સંદર્ભે કિરીટ પટેલ સમક્ષ ગામના ખેડૂતોને રજૂઆત કરવી હતી. જો કે કિરીટ પટેલના આગમન પૂર્વે ભાજપના કાર્યકરો આવ્યા હતા.

## રાપરમાં ચારો ખાધા બાદ ગાય-ભેંસને ખોરાકી ઝેરની અસર : ૪ ગાયોનાં મોત

**૧૦ ગાય અને ભેંસ બિમાર : પશુપાલન વિભાગને જાણ કરાઈ**

રાપર : તાલુકાના નંદાસર રાપરના તકિયાવાસમાં ચારો ખાધા બાદ ગાય-ભેંસને ખોરાકી ઝેરની અસર થઈ હોવાનો મામલો સામે આવ્યો છે.

આ બાબતે રાપર પોલીસ સ્ટેશનમાંથી જાણવા મળતી વિગતો મુજબ રાપર તાલુકાના નંદાસરમાં રહેતા અમરાજી મુસાજી સમાએ જણાવ્યું કે, તેમની ગાય-ભેંસને ચારામાં ભુસો નાખવામાં આવ્યો હતો. જે ખાધા બાદ થોડીવારમાં ગાય બિમાર પડી અને બાદમાં મોત થયું હતું. ભેંસ પણ બિમાર થઈ છે. જેની સારવાર ચાલુમાં છે. તો રાપરના તકિયાવાસમાં રહેતા ચેતનભાઈ આહિરે પોલીસમાં જણાવ્યું કે, તેઓ ગૌશાળામાં ગિરગાય રાખી પશુપાલન કરે છે. ગત બે તારીખે તેમની ગૌશાળામાં ૮ ગાયો બિમાર પડી હતી. જેથી રાપર પશુચિકિત્સક અધિકારીને બોલાવી સારવાર કરાવાઈ હતી. જેમાં ત્રણ ગિરગાયોના મોત થયા છે અને ૧૦ ગાયો હાલમાં બિમાર છે. ખોરાક લીધા બાદ ગાયો બિમાર પડી છે. એક સાથે બે સ્થળોએ અબોલ પશુઓમાં ખોરાકી ઝેરની અસર બાદ મોત સુધીની ઘટનાઓ બનતા ચકચાર મચી જવા પામી છે.

## ભચાઉના શિકારપુરમાં એલસીબીએ ૧.૨૦ લાખનો દારૂ ઝડપ્યો

**ગત રોજ લુણવામાં ભચાઉ પોલીસે ફિલ્મી ઢબે ૧.૦૯ લાખનો શરાબ પકડ્યો હતો**



ભચાઉ : વાગડ વિસ્તારમાં દારૂની બદી અટકાવવા માટે પોલીસે કમર કસી છે ત્યારે બે સ્થળોએથી દારૂ ઝડપાયો હતો. આ બાબતે સામખિયાળી પોલીસમાંથી મળતી વિગતો મુજબ શિકારપુર ગામે દરોડો પાડવામાં આવ્યો હતો. અહીં મકાનમાં તપાસ કરતા ઘાસચારાની આડમાં દારૂની પેટીઓ છુપાવવામાં આવી હતી. અલગ અલગ બ્રાન્ડની દારૂની ૯૬ બોટલ કિંમત રૂા.૧.૨૦ લાખનો દારૂ શોધી લેવામાં આવ્યો હતો. આરોપી અભરામ નુરમામદ ત્રાયા હાજર મળી આવ્યો ન હતો. જેથી સામખિયાળી પોલીસ સ્ટેશનમાં ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. જ્યારે ગત રોજ ભચાઉ તાલુકાના લુણવા ગામની સીમમાં ગાડીમાંથી ફિલ્મી ઢબે દારૂ પકડી લેવામાં આવ્યો હતો. પોલીસે બાતમીના આધારે બટીયા પુલ પાસે અલ્ટો ગાડી નં.જીજે૧૨ - એકે - ૧૬૫૧ ને રોકાવતા ચાલકે પોલીસને જોઈ ગાડી યુટર્ન મારી રોંગસાઈડમાં ભગાવી હતી. પોલીસે પીછો કરતા લુણવા નજીક બાવળની ઝાડીમાં ગાડી મુકી આરોપી ભાગી ગયા હતા. આ ગાડીમાંથી ૧.૦૯ લાખની દારૂ-બિયરની બોટલો મળી આવી હતી. પોલીસે દારૂ સાથે નાસી છૂટેલા આરોપી અભય વેલાભાઈ બઢિયા અને દિનેશ વેલાભાઈ મેરિયા સામે ગુનો દાખલ કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

## શાળા પ્રવેશોત્સવ પહેલા શાળા વ્યવસ્થાપન સમિતિની પુનઃ રચના કરવા આદેશ

અમદાવાદ : રાજયભરમાં શાળા પ્રવેશોત્સવ શરૂ તે પહેલા શાળા વ્યવસ્થાપન સમિતિની રચના કરવા શિક્ષણ મંત્રી ડો. કુબેરભાઈ ડીંડોરે સંબંધિત અધિકારીઓને જણાવ્યું હતું. આ સમિતિમાં સક્રિય અને રસ ધરાવતા જ સભ્યોનો સમાવેશ થાય તે અંગે ખાસ ધ્યાન રાખવામાં આવે તેમ મંત્રી કુબેર ડીંડોરે જણાવ્યું હતું. રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૦માં શિક્ષણ ક્ષેત્રે સ્થાનિક સમુદાયની સક્રીયતા અને સહભાગિતા વધારવા પર ભાર મુકવામાં આવ્યો છે. આ સંદર્ભે ગત ૨૮ એપ્રિલે મુખ્યમંત્રીએ શાળા વ્યવસ્થાપન સમિતિના સભ્યો સાથે સંવાદ કર્યો હતો. આ સંવાદમાં મળેલા અભિપ્રાયોને ધ્યાને લેતાં આગામી સત્રમાં શાળા વ્યવસ્થાપન સમિતિની પુનઃરચના બાબતે શિક્ષણ મંત્રીએ ગાંધીનગરના વિદ્યા સમીક્ષા કેન્દ્ર ખાતે રાજયના જિલ્લા શિક્ષણાધિકારીઓ, જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીઓ, બીઆરસી, સીઆરસી અને શાળા વ્યવસ્થાપન સમિતિના સભ્યો સાથે વિડિયો કોન્ફરન્સના માધ્યમથી સંવાદ કર્યો હતો. રાજ્યની તમામ શાળાઓમાં એસએમસીની પુનઃરચના સમયે શિક્ષણ મંત્રી કુબેરભાઈ ડિંડોરે મહત્વના મુદ્દાઓ સૂચવતાં કહ્યું હતું કે, શાળા વ્યવસ્થાપન સમિતિની રચના કરતા પહેલાં ગામના નાગરિકોને જાણ કરીને ફરજીયાત વાલી સભાઓ યોજવી જોઈએ. વાલી સભામાં શાળામાં ભણતા બાળકોના વાલીઓ ખાસ હાજર રહે તેની તકેદારી રાખવી.

## ચેક પરત ફરવાના કેસમાં આરોપીને એક વર્ષ કેદ

ભુજ : અદાલતે ચેક પરત મામલામાં મહત્વપૂર્ણ ચુકાદો આપતાં તાલુકાના માનકૂવા ગામના ભગુભાઈ માવજીભાઈ સુથારને એક વર્ષની સજા ફટકારી છે. આ સાથે તેમને ફરિયાદીને ૧૪ લાખ વળતર અને રૂા ૨૦,૦૦૦ સરકારી દંડ ભરવાનો હુકમ પણ કરવામાં આવ્યો છે.

મળતી વિગતો મુજબ મોખાણા ગામના દિનેશ લક્ષ્મણ વરચંદે રૂા. ૧૨ લાખ રૂપિયા વિલા ટાઉનશીપ માટે ભગુભાઈ સુથારના પ્રોજેક્ટમાં રોકાણ કર્યા હતા. પરંતુ સમયાંતરે કોઈ કામગીરી ન થતા અને આરોપી સામે પૂર્વ કેસોની માહિતી મળતાં, રોકાયેલ રકમ પાછી માંગવામાં આવી હતી. આ અંતર્ગત ભગુભાઈ સુથારએ ૧૨ લાખનો ચેક આપ્યો હતો, જે બેંક દ્વારા પરત ફરતા દિનેશ વરચંદે અદાલતમાં ચેક રિટર્નનો કેસ દાખલ કર્યો હતો. આ કેસમાં ભુજ અદાલતના બીજા અધિક ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટના સમક્ષ થયેલી સુનાવણી દરમિયાન એક સાક્ષી તથા ૧૭ દસ્તાવેજી પુરાવાઓના આધારે આરોપી ગુનેગાર ઠર્યા હતા. અદાલતે ચુકાદામાં સ્પષ્ટતા કરી કે, આરોપી એક વર્ષની કેદની સજા ભોગવે, ઉપરાંત ફરિયાદીને કુલ રૂા. ૧૪ લાખ રૂપિયું વળતરરૂપે ચુકવે અને રૂા ૨૦,૦૦૦ સરકારના ખજાનામાં જમા કરાવવા હુકમ કર્યો હતો. આ કેસમાં ફરિયાદ પક્ષે વકીલ સંતોષસિંહ આર. રાઠોડ, ચિન્મય એચ. આચાર્ય, જિગરદાન એમ. ગઢવી અને રોહિત એમ. મહેશ્વરી દ્વારા દલિલો કરવામાં આવી હતી.

## ભુજમાં ખોરાકી ઝેરની અસર થતાં એક પરિવારના ચાર સભ્યોને દાખલ કરાયા

ભુજ : શહેરમાં ભીડ નાકા વિસ્તારમાં આવેલી હોટલમાંથી ભોજન મંગાવી ઘરે આરોગ્યા બાદ એક જ પરિવારના ચાર સભ્યોને ખોરાકી ઝેરની અસર થતાં સારવાર માટે હોસ્પિટલ રોડની એક ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. બનાવ બાદ આ હોટલના સંચાલકે હોટલને તાળા મારી દિધા હતા. હોસ્પિટલ દ્વારા બનાવ બાબતે બી ડિવિઝન પોલીસને જાણ કરવામાં આવી હતી. ચાર પૈકી એક સભ્યને વેન્ટિલેટર પર રાખવામાં આવ્યો હતો. તમામે તમામના લોહીના રિપોર્ટ કરાવાયા હતા. ભોજન વાસી હતું કે, કેમ ? તેમજ કયા કારણોસર ફુડ પોઈઝન થયું તે દિશામાં ફૂડ વિભાગે તપાસ કરવાની જરૂરિયાત છે. શનિવારે ૭મી જુનના વિશ્વ ખાદ્ય સુરક્ષા દિવસ ઉજવાય છે. તેની પહેલા ખોરાકી ઝેરની અસરના ભુજ અને રાપરમાં સામે આવેલા બનાવ ચિંતાજનક છે.

## ભુજમાં રવિવારથી શરૂ થશે મેંગો ફેસ્ટિવલ

ભુજ : કચ્છની સુવિખ્યાત કેસર કેરીને ઉઝરતા તહેવારરૂપ ભુજમાં આવતીકાલે ૮ જૂન રવિવારથી ત્રણ દિવસ માટે “મેંગો ફેસ્ટિવલ” યોજાવા જઈ રહ્યો છે. ભુજ હાટના વિશાળ પરિસરમાં યોજાનાર મેળામાં કચ્છના વિવિધ વિસ્તારોમાંથી આવનાર ખેડૂતો તેમની જ સંપન્નતાપૂર્ણ ખેતીને સીધા ખરીદદારો સુધી લાવવા માટે ઉત્સાહભેર ભાગ લેશે. આ પહેલ ‘સાત્વિક’ તથા ‘હોમ્સ ઈન ધ સિટી’ સંસ્થાઓના સહયોગથી શક્ય બની છે, જેમણે સહજ અને પ્રાકૃતિક ખેતીને પ્રોત્સાહન આપવા મેળાનું આયોજન કર્યું છે. કૃષિ પ્રેમીઓ, સ્વાદ વિશ્વાસીઓ અને પોષક ખોરાકમાં રસ ધરાવતી જનતા માટે આ ફેસ્ટિવલ વિશેષ આકર્ષણ બની રહ્યો છે. ફેસ્ટિવલનો ઉદ્ઘાટન સમારંભ રવિવાર સાંજે ૪ વાગ્યે યોજાશે. ત્યારબાદ સાંજે ૭ વાગ્યે કચ્છી લોકસંગીત અને રૈયાણ કાર્યક્રમ દ્વારા સાંસ્કૃતિક રંગતનો આરંભ થશે. સોમવાર ૯ જૂનના સાંજે ૬થી ૮ કેરીની વિવિધ બનાવટોનું પ્રદર્શન, કેરી પર આધારિત રસપ્રદ સ્પર્ધાઓ અને ૧૦મી જૂનના મંગળવારે સાંજે ૭ વાગે ફિલ્મ સ્ક્રીનિંગ કાર્યક્રમ, જે કૃષિ અને પર્યાવરણથી સંબંધિત માહિતી પુરી પાડશે. ફેસ્ટિવલમાં અંજાર, લખપત, ભુજ, નખત્રાણા, માંડવી વગેરે તાલુકાઓમાંથી આવનાર ખેડૂતોએ ભાગ લેવાની તૈયારી દર્શાવી છે. આ તકે તેમણે પોતાની વાવેલી કેસર કેરી, રાજાપૂરી કેરી તથા અન્ય જાતોની નમૂનાઓ, રસપ્રદ વાનગીઓ તથા પ્રાકૃતિક પદ્ધતિઓથી તૈયાર ઉત્પાદનો સ્ટોલ્સ દ્વારા દર્શાવવાના છે. મેળામાં વિવિધ સજીવ ખેતી આધારિત ઉત્પાદનોના સ્ટોલ્સ પણ મૂકવામાં આવશે, જેમાં કેરી સાથે સંબંધિત ચટણીઓ, જેમ્સ, પાપડ, ડ્રાય કેરી વગેરે પણ ઉપલબ્ધ રહેશે. યાંત્રિક જીવનશૈલીમાં લોકો તાજા, પ્રાકૃતિક અને સીધા ખેડૂતથી મળતા ઉત્પાદન તરફ વધુ વળે છે. આવાં સમયમાં આવા મેળાઓ માત્ર ભોજનોત્સવ નહીં પરંતુ કૃષિ ચેતનાનું પણ મંચ બની રહે છે. સંસ્થાઓએ જાહેર જનતાને હાજરી આપી સ્થાનિક ખેડૂતોને સીધું પ્રોત્સાહન આપવા અનુરોધ કર્યો છે.

## વૈશ્વિક મંચ પર પાકિસ્તાનના ધજાગરાઃ બિલાવલને મોઢા પર કહી દીધું, પહેલા આતંકવાદ ખતમ કરો

વોશિંગ્ટનઃ અમેરિકન સાંસદ બ્રેડ શેરમેને પાકિસ્તાનને કડક સંદેશ આપ્યો અને કહ્યું કે તેણે આતંકવાદી સંગઠન જૈશ-એ-મોહમ્મદ સામે નિર્ણાયક કાર્યવાહી કરવી જોઈએ. તેમણે આ આતંકવાદી સંગઠનને ઘૃણાસ્પદ ગણાવ્યું અને કહ્યું કે આ જૂથ ૨૦૦૨ માં વોલ સ્ટ્રીટ જર્નલના પત્રકાર ડેનિયલ પર્લની હત્યા સહિત ઘણા જઘન્ય ગુનાઓ માટે જવાબદાર છે.વોશિંગ્ટનમાં પાકિસ્તાનના ભૂતપૂર્વ વિદેશ પ્રધાન બિલાવલ ભુટ્ટો ઝરદારીના નેતૃત્વ હેઠળના પાકિસ્તાની પ્રતિનિધિમંડળને મળ્યા, શેરમેને કહ્યું કે પાકિસ્તાને આ ઘૃણાસ્પદ આતંકવાદી સંગઠનને સંપૂર્ણપણે નાબૂદ કરવા અને પ્રદેશમાં આતંકવાદ સામે મજબૂત લડત આપવા માટે તમામ શક્ય પગલાં લેવા જોઈએ.અહીં ઉલ્લેખનિય છે કે, કોંગ્રેસના સાંસદ શશી થરૂરના નેતૃત્વમાં એક ભારતીય પ્રતિનિધિમંડળ પણ વોશિંગ્ટનમાં હાજર છે.

## સરકારી બાબુઓ હવે મીટિંગના બહાના નહિ કાઢી શકે, નાગરિકોના હિતમાં સરકારનો મોટો નિર્ણય

અમદાવાદ : : સાહેબ સતત મીટિંગમાં છે એવું અરજદારોને હવે સાંભળવા નહીં મળે. જી હા,,, સરકારી કચેરીઓમાં પોતાનું કામ લઈને જતા અરજદારોને હવે એક કલાકથી વધારે રાહ નહીં જોવી પડે. કેમ કે, સરકારના સામાન્ય વહીવટ વિભાગે પરિપત્ર જાહેર કરીને સૂચના આપી છે કે, સરકારી અધિકારીઓની મીટિંગ હવે ૧ કલાકથી વધુ નહીં ચાલે.મીટિંગ શરૂ થવાની હોય એની ૫ મિનિટ પહેલાં જ તમામ અધિકારીઓને હાજર થઈ જવું પડશે. બહારગામના અધિકારીઓને વર્ચ્યુઅલી જોડાવાનું કહેવામાં આવ્યું છે. રાજ્ય સરકારના આ નિર્ણયથી સમય અને નાણાંની બચત સાથે હવે વહીવટમાં ઝડપ આવશે. ગુજરાત વહીવટી સુધારણા પંચે સરકારને વહીવટમાં ઝડપ લાવવા માટે જે ભલામણો કરી હતી તેમાં વહેલી કચેરીઓ શરૂ કરવા ઉપરાંત એક મુદ્દો આ પણ હતો. જે બાદ હવે વહીવટ વિભાગે પરિપત્ર જાહેર કરીને સૂચના આપી છે કે કલાકો સુધી અને ક્યારેક ક્યારેક તો આખો દિવસ માત્ર મીટિંગો જ ચાલતી હોવાથી અરજદારોનાં કામ અટકી જતાં હતાં. વિવિધ વિભાગોમાં ફાઈલોના ઢગલા થઈ જતા હતા. આ પ્રકારના વિલંબને ટાળવા માટે માત્ર એક કલાકમાં જ મીટિંગને સમેટી લેવાનો પરિપત્ર કરવામાં આવ્યો છે.

## અંજારના તુણા ગામે મારામારી થઈ

અંજાર : તુણા ગામે વાડી વિસ્તારમાં પ્રાથમિક શાળા પાસે અગાઉના ઝઘડાના મનદુઃખે લોખંડના પાઈપ વડે મારામારી કરવામાં આવી હતી. ફરિયાદી સમીર હુસેનભાઈ બાવાએ આ બાબતે જાવેદ ઈદરીશ મુંગરાણી અને અનવર ઈદરીશ મુંગરાણી સામે ફરિયાદ નોંધાવી હતી. આરોપીઓએ લોખંડના પાઈપ વડે હુમલો કરી ઈજા પહોંચાડી જાનથી મારી નાખવાની ધમકી આપતાં કંડલા મરીન પોલીસે તપાસ હાથ ધરી છે.

## પહેલા પાનાથી...

### દેશભરમાં ઈદ ઉલ

અહીં વહેલી સવારે ખાસ ઈદની નમાજ અદા કરી. સમગ્ર મસ્જિદ અને આસપાસનો વિસ્તાર ભક્તિમય માહોલથી ઘેરાઈ ગયો હતો.લોકોએ જમાતમાં નમાજ અદા કર્યા બાદ એકબીજાને “ઈદ મુબારક” કહી શુભકામનાઓ પાઠવી. પોલીસ દ્વારા મસ્જિદની બહાર કડક સુરક્ષા વ્યવસ્થા પણ ગોઠવાઈ હતી જેથી કોઇ અણધારી ઘટના ન બને અને તહેવાર શાંતિપૂર્ણ રીતે ઉજવાય. સુરક્ષા દળો અને સ્થાનિક પ્રશાસન દ્વારા વ્યાપક વ્યવસ્થા કરવામાં આવી હતી.

### જામનગરને

દ્વારા શિષ્ટાચાર અનુસાર આવકાર આપવામા આવ્યો હતો. તેઓએ આજ રોજ ૩૦થી વધુ અલગ અલગ પ્રકારની સુવિધાઓની વિકાસ ભેટ જામનગરને આપી છે

### ‘ઓપરેશન સિંદૂર’

હેઠળ આવેલું પ્રતિનિધિ મંડળ એક અઠવાડિયુ ભારતમાં રોકાવાનું છે. બંને દેશ વચ્ચેના વેપારમાં મુખ્ય અચડણ ટેરિફની છે. કેટલીક વસ્તુઓ પર ટેરિફ વધારે છે, જ્યારે કેટલીક વસ્તુઓને ટેરિફમાં રાહત અપાયેલી છે. આ વિસંગતતા દૂર કરવાની સાથે સપ્લાય ચેન બહેતર બનાવવા વિચારણા થઈ હતી. ભારત અને અમેરિકા ૧૩ ફેબ્રુઆરીના રોજ દ્વિપક્ષી વેપારને ૨૦૩૦ના વર્ષ સુધીમાં ૫૦૦ અબજ ડોલરે પહોંચાડવાનું લક્ષ્ય નિર્ધારિત કર્યું હતું. રાજકીય અને આર્થિક રીતે ભારત-અમેરિકા વચ્ચેની નિકટતાને નક્કર સ્વરૂપ આપવા અને ૫૦૦ અબજ ડોલરનું લક્ષ્ય હાસલ કરવાના હેતુને વાટાઘાટોમાં પ્રાથમિકતા અપાઈ હોવાનું સત્તાવાર સૂત્રોએ જણાવ્યુ હતું. સપ્ટેમ્બર ૨૦૨૫ સુધીમાં બંને દેશને લાભ થાય તેવા દ્વિપક્ષી વેપાર કરાર કરવાનું આયોજન છે, જેના પ્રથમ પડાવ તરીકે વાટાઘાટો શરૂ કરવામાં આવી છે. અગાઉ ૧૭થી ૨૨ મે દરમિયાન ભારતનું પ્રતિનિધિ મંડળ ચાર દિવસ અમેરિકામાં રોકાયું હતું.

### ગ્રામ પંચાયતોની

અંગે ગુજરાતભરમાંથી આવેલી ફરિયાદો અંગે આવેદનપત્ર આપી કાયદાના છડેચોક ઉલ્લંઘન અંગે રજૂઆત કરી હતી.

કોંગ્રેસના પ્રતિનિધિમંડળે આક્ષેપ કર્યો હતો કે, વધુ ને વધુ ગામડાઓને સામ, દામ, દંડ અને ભેદની નીતિ અપનાવીને સમરસ કરવાનો પ્રયત્ન કરવામાં આવી રહ્યો છે અને ચૂંટણી લડવા માગતા સાચા લોક પ્રતિનિધિઓની પાસે વિવિધ પ્રકારના દાખલાઓ અને ડોક્યુમેન્ટ માગીને નિયમ વિદ્ધ હેરાન પરેશાન કરવામાં

ગુજરાત કોંગ્રેસના ઈલેકશન કોઓર્ડિનેશન કમિટીના બાલુભાઈ પટેલ, લીગલ સેલના ચેરમેન એડવોકેટ રવાણી અને પ્રદેશ પ્રવકતા હેમાંગ રાવલ સહિતન બુધવારે રાય ચૂંટણી પંચની બ મુલાકાતમાં બિનહરિફ પંચાયતને ખાસ ગ્રાન્ટ તરીકે પાંચ મળશે તેવી જાહેરાત મનસ્વી, ભેદભાવપૂર્ણ અને મૂલ્યો વિદ્ધ હોવાથી ચૂંટણી પચં આવી ગ્રાન્ટ અંગે માર્ગદર્શિકા જાહેર કરે તેવી માગ કરવામાં આવી કેટલીક જગ્યાએ આવા દાખલા અને ડોકયુમેન્ટ ન હોય તો તેમના ફોર્મ પણ સ્વીકારવામાં આવતા નથી. રાય ચૂંટણી કમિશનર મુરલી ક્રિષ્નાએ કોંગ્રેસની રજૂઆતને પગલે સંબંધિત ચૂંટણી અધિકારીઓને ઉમેદવારો પાસેથી નિયમ મુજબ માત્ર એકરારનામું લેવા આદેશ કર્યો હતો. એટલું જ નહીં, જો કોઈ ચૂંટણી અધિકારી નિયમ વિદ્ધ વર્તશે તો તેમની સામે શિક્ષાત્મક પગલાં લેવાની ખાતરી આપી હતી

### દુનિયાના સૌથી શક્તિશાળી

મસ્કની કંપનીઓને નિશાન બનાવે છે. ટેસ્લા જે ઈલેકટ્રીક કાર બનાવે તેમાં અમેરિકા સરકારની જંગી સબસીડી છે અને મસ્કના અનેક સાહસોમાં અમેરિકી સરકાર સાથે ૧૦૦ જેટલા કોન્ટ્રાક ધરાવે છે જેની કિંમત અબજોમાં થવા જાય છે.

સ્પેસ એકસ મીશન પુરી રીતે નાસાના સહયોગ પર ચાલે છે અને તેમાં ૨૨ બીલીયન ડોલરના કોન્ટ્રાકટ છે. જો કે વ્હાઈટ હાઉસના પ્રવકતાએ કહ્યું કે પ્રમુખ ટ્રમ્પ હવે મસ્કની કોઈ ચિંતા કરતા નથી અને તેઓ પોતાના આર્થિક કાર્યક્રમમાં આગળ વધે છે.બીજી તરફ ટ્રમ્પે એ પણ સંકેત આપ્યો છે કે તેઓએ હાલમાંજ જે રીતે ટેસ્લા કાર ખરીદી હતી તે પણ વેચી નાખવા વિચારે છે. આમ બન્ને આક્રમક અને પુરા શક્તિશાળી વ્યકિતત્વની ટકકરમાં હવે મસ્કની કંપનીઓને કેટલું આર્થિક નુકસાન જાય છે તેના પર પણ ગણતરી શરૂ થઈ છે. મસ્કને બેહદ ખાસ વ્યક્તિ ગણાવતું રશિયાઃ રાજકીય શરણ આપવા ઓફર ટ્રમ્પતંત્રમાં હવે મસ્કના વિરોધીઓ બહાર આવવા લાગ્યાઃ દેશનિકાલ કરવા સુધીની માંગ મોસ્કોઃ અમેરિકામાં અચાનક જ શરૂ થયેલી ટ્રમ્પ-મસ્ક વોરમાં હવે રશિયાએ પણ ઝુકાવ્યુ છે. અમેરિકામાં એક અવાજ એવો પણ ઉઠયો છે કે મસ્કને ગેરકાનુની વસાહતી (એલીયન) જાહેર કરવામાં આવે અને તેની સંપતિ પણ જપ્ત કરવી જોઈએ પણ રશિયાએ હવે એલન મસ્કને રાજકીય શરણ આપવા ઓફર કરી છે.

### ભારતના ગુકેશે

સામે ક્લાસિકલ ચેસમાં પહેલી જીત મેળવી હતી. આ જીતથી તેની પ્રતિષ્ઠામાં વધારો થયો છે અને તેણે વિશ્વ ચેમ્પિયન તરીકેની પોતાની સ્થિતિને મજબૂત બનાવ્યો છે.વિજય પછી, કાર્લસે કહ્યું, “આવા દિવસ અને આવી ટુર્નામેન્ટ પછી આ ખૂબ જ રાહતની વાત છે. મારા સંઘર્ષો અંતે યોગ્ય રહ્યા. મેં અંત સુધી લડત આપી, હું તેનાથી ખુશ છું.”કાર્લસે ચેતવણી આપી છે કે આ ટુર્નામેન્ટ તેના માટે છેલ્લું ક્લાસિકલ ચેસ ઈવેન્ટ હોઈ શકે છે. તેણે જણાવ્યું છે કે તે ચેસના અન્ય સ્વરૂપો વધુ પસંદ કરે છે અને આગામી સમયમાં ફ્રીસ્ટાઈલ ગ્રાન્ડ સ્લામમાં ભાગ લેશે.

### આતંકી સંગઠન

એકત્રિત કરવાનો હતો.૭ મેના રોજ ભારતે ઓપરેશન સિંદૂર હેઠળ પાકિસ્તાન અને પીઓકેમાં ૯ આતંકવાદી ઠેકાણાઓ પર સચોટ હવાઈ હુમલા કર્યા હતા.૨૨ એપ્રિલના રોજ પહેલગામમાં થયેલા આતંકવાદી હુમલાના બદલામાં આ હુમલો કરવામાં આવ્યો હતો.

બહાવલપુર કેમ્પ ભારત-પાકિસ્તાન સરહદથી લગભગ ૧૦૦ કિમી દૂર સ્થિત હતો અને તે જૈશ-એ-મોહમ્મદનું મુખ્ય તાલીમ અને કટ્ટરપંથીકરણ કેન્દ્ર હતું. ભારતના હુમલામાં આ સંકુલને ખરાબ રીતે નુકસાન થયું હતું. આ કેમ્પને અલ-રહેમત ટ્રસ્ટ દ્વારા ભંડોળ પૂરું પાડવામાં આવ્યું હતું. આતંકવાદી જૂથે ભારતમાં ઘણા ભયાનક હુમલાઓ કર્યા છે, જેમાં ૨૦૦૧માં સંસદ હુમલો, ૨૦૧૬માં પઠાણકોટ એરબેઝ હુમલો અને ૨૦૧૯માં પુલવામા હુમલોનો સમાવેશ થાય છે.

૭ મેના રોજ એક વીડિયોમાં આતંકવાદી કેન્દ્ર સુભાન અલ્લાહ કેમ્પને નુકસાન થયું હોવાનું દર્શાવવામાં આવ્યું હતું. તેમાં ચારે બાજુ કાટમાળના ઢગલા અને છતમાં મોટો છિદ્ર જોવા મળ્યો હતો. એક મહિના પછી, ગુગલ મેપ્સે બહાવલપુર બાયપાસની બાજુમાં જામિયા મસ્જિદના આડમાં બનાવેલ મરકઝ સુભાન અલ્લાહને કાયમી ધોરણે બંધ બતાવ્યું છે.

ગુગલ મેપ્સ પર સ્થાનને કાયમી ધોરણે બંધ જાહેર કરવાનું કારણ ઘણીવાર યુઝર રિપોર્ટ્સ, લોકેશનના માલિક પાસેથી માહિતી અથવા ગુગલ અલ્ગોરિધમ્સની નિષ્ક્રિયતા હોય છે. આ કિસ્સામાં, ઘણા યુઝર્સે કેમ્પ બંધ થવાની પુષ્ટિ કર્યા પછી આ ફેરફાર કરવામાં આવ્યો હતો. આ સ્થાન પાકિસ્તાનના ૩૧મા કોર્પ્સના લશ્કરી મુખ્યાલયની નજીક સ્થિત હતું અને તેના ૧૮ એકરના સંકુલમાં લાંબા સમયથી આતંકવાદી પ્રવૃત્તિઓ ચાલી રહી હતી. જૈશ ઉપરાંત, ભારતે આ હુમલામાં લશ્કર-એ-તૈયબા અને હિઝબુલ મુજાહિદ્દીનના અન્ય ઘણા ઠેકાણાઓને પણ નિશાન બનાવ્યા હતા. આમાં મુરિદકેમાં મરકઝ તૈયબા (એલઈટી મુખ્યાલય), સિયાલકોટમાં સરજલ કેમ્પ અને મેહમૂના ઝોયા કેમ્પ, કોટલીમાં અબ્બાસ કેમ્પ અને ગુલપુર કેમ્પ, તેમજ મુઝફ્ફરાબાદમાં સૈયદના બિલાલ અને સવાઈ નાલા કેમ્પનો સમાવેશ થાય છે. આ હુમલાઓમાં ૧૦૦ થી વધુ આતંકવાદીઓ માર્યા ગયા હતા

### તેજસ્વી યાદવન

ઘટના તેમનાથી માત્ર ૫ ફૂટ દૂર બની હતી.

આ દુર્ઘટના અંગે તેજસ્વી યાદવે જણાવ્યું કે, ‘હું સવારે ૧૦ વાગ્યે મધેપુરામાં એક કાર્યક્રમમાં ગયો હતો અને પટના પરત ફરતી વખતે, અમે NH ૨૨ હાજીપુર મુઝફ્ફરપુર મેઈન રોડ પર ગોરૌલમાં ચા પીવા માટે રોકાયા હતા. તે સમયે, એક ટ્રક બેકાબૂ થઈ ગઈ અને મારી સામે ૨-૩ વાહનોને ટક્કર મારી દીધી હતી. ત્યાં નજીકમાં જ સુરક્ષાકર્મીઓ ઉભા હતા. જેમાં ત્રણ લોકો ઘાયલ થયા છે, તેમનાથી ૫ ફૂટના અંતરે જ હું ઉભો હતો. જો તે થોડી વધુ અનિયંત્રિત હોત તો ટ્રક મને પણ ટક્કર મારી દેત.આ અકસ્માત બાદ પોલીસે તાત્કાલિક કાર્યવાહી કરીને ડ્રાઈવરને કસ્ટડીમાં લીધો અને તેની પૂછપરછ કરવામાં આવી રહી છે. બેદરકારીના પ્રશ્ન પર તેજસ્વી યાદવે કહ્યું કે, ‘અકસ્માતો થતા રહે છે, પરંતુ આજે જે અકસ્માત થયો તે સ્પષ્ટપણે બેદરકારી હતી. તેની સામે કાર્યવાહી થવી જોઈએ. આ દેશમાં મોટાભાગના લોકો અકસ્માતોને કારણે મૃત્યુ પામે છે. આ ઘટનામાં કાર્યવાહી થવી જોઈએ.’

## એમપીમાં ભૂતિયા સરકારી કર્મચારીઓને સંડોવતું ૨૩૦ કરોડનું પગાર કૌભાંડ

નવી દીલ્હી : મધ્યપ્રદેશમાં એક સનસનાટીભર્યા રૂ. ૨૩૦ કરોડના પગાર કૌભાંડનો પર્દાફાશ થયો છે, જેમાં ૫૦,૦૦૦ સરકારી કર્મચારીઓને છેલ્લા ૬ મહિનાથી પગાર મળ્યો નથી. આ આંકડો રાજ્યના કુલ કર્મચારીઓના લગભગ ૯ ટકા જેટલો છે, અને એવું માનવામાં આવે છે કે આ મધ્યપ્રદેશના ઈતિહાસનું અત્યાર સુધીનું સૌથી મોટું પગાર કૌભાંડ હોઈ શકે છે.આવી ગંભીર બાબત સામે આવ્યા બાદ હવે ત્રણ મોટા અને ચિંતાજનક પ્રશ્નો ઉભા થયા છેઃ શું આ ૫૦,૦૦૦ કર્મચારીઓ અવેતન રજા પર છે? શું તેમને સસ્પેન્ડ કરવામાં આવ્યા છે? અથવા સૌથી ગંભીર સવાલ એ કે, શું તેઓ ફક્ત ‘ભૂતિયા કર્મચારીઓ’ છે, એટલે કે કાગળ પર અસ્તિત્વ ધરાવે છે પણ વાસ્તવિકતામાં તેમનું અસ્તિત્વ નથી? આ ચોંકાવનારી ઘટના સામે આવ્યા બાદ, ૨૩ મેના રોજ ટ્રેઝરી અને એકાઉન્ટ્સ કમિશનર એ તમામ ડ્રોઈંગ અને ડિબર્સિંગ અધિકારીઓ ને એક પત્ર મોકલ્યો હતો. આ પત્રમાં, IFMIS હેઠળ નિયમિત/બિન-નિયમિત કર્મચારીઓના ડેટાની તાત્કાલિક તપાસ કરવાનું કહેવામાં આવ્યું હતું, જેમનો પગાર ડિસેમ્બર ૨૦૨૪ થી ઉપાડવામાં આવ્યો નથી.

પત્રમાં ભારપૂર્વક જણાવાયું છે કે કર્મચારી કોડ હાજર હોવા છતાં, IFMIS માં તેમની ચકાસણી અધૂરી છે, અને બહાર નીકળવાની પ્રક્રિયા પણ કરવામાં આવી નથી.આ પત્ર પછી, રાજ્યના ૬,૦૦૦ થી વધુ ડ્ઢર્ઙ્ઘ (પગાર વિતરણ અધિકારીઓ) તપાસ હેઠળ આવી ગયા છે. ૧૫ દિવસમાં આ ૨૩૦ કરોડ રૂપિયાના સંભવિત છેતરપિંડી વિશે સ્પષ્ટતા આપવા માટે કહેવામાં આવ્યું હતું, જેની સમયમર્યાદા આજે સમાપ્ત થઈ રહી છે.૫૦,૦૦૦માંથી ૪૦,૦૦૦ નિયમિત કર્મચારીઓ:અહેવાલ મુજબ, જે ૫૦,૦૦૦ કર્મચારીઓને પગાર મળ્યો નથી તેમાંથી ૪૦,૦૦૦ નિયમિત સ્ટાફ છે જ્યારે ૧૦,૦૦૦ કામચલાઉ સ્ટાફ છે.

## રેપો રેટમાં ઘટાડો રિયલ એસ્ટેટમાં લાવશે ઉછાળો

નવી દીલ્હી : આરબીઆઈએ રેપો રેટમાં ૫૦ બેસિસ પોઈન્ટનો ઘટાડો કરવાની જાહેરાત કરીને મોટી ભેટ આપી છે, જે બજારના અંદાજ કરતાં વધુ છે. આ સાથે, ઘર અને કાર સહિત તમામ પ્રકારની લોન અને ઈએમઆઈ સસ્તા થશે. એક તરફ, આરબીઆઈને આશા છે કે આ પગલાથી અર્થતંત્રને નવી ગતિ મળશે, ત્યારે રિયલ એસ્ટેટ બજારમાં અપેક્ષાઓ વધી રહી છે. રિયલ એસ્ટેટ નિષ્ણાતો કહે છે કે આરબીઆઈનું આ પગલું રિયલ એસ્ટેટ ક્ષેત્ર માટે એક નવો બૂસ્ટર ડોઝ સાબિત થઈ શકે છે.ત્રેહાન ગ્રુપના મેનેજિંગ ડિરેક્ટર સરંશ ત્રેહાન કહે છે કે આરબીઆઈ દ્વારા રેપો રેટમાં ૫૦ બેસિસ પોઈન્ટનો ઘટાડો કરીને ૫.૫ ટકા કરવાનો નિર્ણય એક વખાણવા લાયક પગલું છે. આ ભારતની આર્થિક ગતિને ટેકો આપવાનો મજબૂત સંકેત છે.

## ભચાઉમાં સરકારી જમીન પર ગેરકાયદેસર દબાણો મુદ્દે ઉચ્ચસ્તરે ફરીયાદ

### સ્થાનિક જિલ્લા સમાહર્તા સહિતનાઓને આપેલી ફરીયાદમાં દાદ ન મળતા અંતે કેન્દ્રીય વિજિલન્સ વિભાગ સમક્ષ અરજદારે મુકી ધા

ગાધીધામ : ભચાઉમાં સરકારી જમીન પર ગેરકાયદેસર અડીંગો જમાવી બેઠેલાઓની સામે સ્થાનિકે વિવિધ સરકારીતંત્રોમાં ફરીયાદ કર્યા છતા પણ કોઈ જ કાર્યવાહી કરવામાં ન આવતા કેન્દ્રીય વિઝિલન્સ વિભાગ સમક્ષ હવે ફરીયાદો ધા નાખી હોવાના અહેવાલો સામે આવ્યા છે.

આ અંગે ફરીયાદી શ્રી હરીશભાઈ વીધાણીએ લેખિતમાં આપેલી ફરીયાદની જો વાત કરીએ તો તેમાં તેઓએજણાવ્યું છે કે, ભચાઉ તાલુકાના સર્વે ન. ૧૪૧૦/૧ અને ૧૪૧૦/૨ની સરકારી જમીનની નકલી દસ્તાવેજો વડે ગેરકાયદેસર વેચાણ અને કબ્જાવારી છે તેમાં તાત્કાલીક હસ્તક્ષેપ કરી અને ન્યાયિક કાર્યવાહી કરવી ઘટે. તેઓએ ક્હયુ છે કે સરકારી માલીકીની જમીન નકલી દસ્તાવેજો બનાવી ખોટી રીતે ખાનગી વ્યકિતઓના નામે રેકોડમાં દાખલ કરવામા આવી છે. જેના કારણે સરકારને અંદાજીત સાતથી આઠ કરોડ સુધીની નાણાકીય નુકસાન થાય છે. આ ગંભીર મામલે તાત્કાલીક અને યોગ્ય પગલા લઈ સરકારની સંપત્તી બચાવવા અને જાહેર વિશ્વાસ જળવાય તે માટે અરજદાર હરેશ પી વિધાણીએ કેન્દ્રીય વિજિલન્સ વિભાગને કરેલી ફરીયાદમાં દાદ માંગી છે.

## અમદાવાદની ૯૦ ટકા હોટેલ-રેસ્ટોરાં પાસે પેસ્ટ કંટ્રોલના સર્ટિફિકેટ જ નથી : અવારનવાર જીવાતોથી ગ્રાહકો કંટાળ્યા

અમદાવાદ : અમદાવાદમાં ઓક્ટન્ટ પીઝા રેસ્ટોરન્ટમાં ગુલાબજાંબુની ચાસણીમાં જીવડું નીકળતા કોર્પોરેશન દ્વારા દંડનીય કાર્યવાહી હાથ ધરવામાં એવી હતી. છેલ્લા એક વર્ષમાં અમદાવાદની ફાઈવ સ્ટાર હોટેલથી માંડીને નાની હોટેલ અને રેસ્ટોરન્ટમાં જીવાતો નીકળવાની ઘટનાઓ સામે આવી છે. અમદાવાદની કુલ ૩૬૨૮ ખાણીપીણીની હોટેલ, રેસ્ટોરેન્ટસ અને સ્ટ્રીટ ફૂડના રજીસ્ટર્ડ આઉટલેટમાંથી માત્ર ૧૦ ટકા હોટેલોએ પણ પેસ્ટ કંટ્રોલ સર્ટિફિકેટ મેળવ્યું છે.

ત્રણ હજારથી વધુ હોટલોમાં જીવાતોને નિયંત્રિત કરવાની કોઈ પોલીસી નથી. માત્ર મૌખિક જ ધ્યાન રાખવાનું જણાવી દેવામાં આવે છે.વર્ષ ૨૦૨૩માં અમદાવાદમાં ૨૨૧૪ રેસ્ટોરન્ટ કેટેગરીની હોટલો હતી જેમાં ચાર ટકાનો વધારો થયો છે.

વધતો જતો સ્વાદ રસિયાઓનો પ્રવાહ, હોટલના કિચનમાં નિયમિત સ્વચ્છતાનો અભાવ અને ટ્રેઈન્ડ સ્ટાફમાં શિસ્તના અભાવને કારણે અમદાવાદમાં વારંવાર જીવાતો અને વાસી ખાદ્ય પદાર્થોની ફરીયાદો આવી રહી છે. માત્ર સામાન્ય હોટેલો જ નહીં ઘણીવાર ફાઈવ સ્ટાર કક્ષાની હોટલોમાં પણ સ્વચ્છતાની ફરીયાદો જોવા મળી છે.

## રાજકોટ, સુરત, વડોદરા સહિત ગુજરાતનાં આ જિલ્લામાં વરસાદની આગાહી, માછીમારોને દરિયો ન ખેડવા સૂચના

(પ્રતિનિધિ દ્વારા)

રાજકોટ : છેલ્લાં ઘણાં સમયથી વરસાદે વિરામ લીધો હતો, ત્યારે હવે ફરી ગુજરાતમાં મેઘરાજાની રિએન્ટ્રી થવા જઈ રહી છે. હવામાન વિભાગની આગાહી મુજબ, શનિવારે (૭ જૂન) રાજ્યમાં હળવાથી મધ્યમ વરસાદની આગાહી કરવામાં આવી છે. વળી, બીજી બાજુ પવનની દિશા દક્ષિણ પશ્ચિમથી પશ્ચિમ બાજુની રહેશે. હવામાં ભેજના કારણે અનેક વિસ્તારોમાં છૂટોછવાયો વરસાદ વરસશે. હવામાન વિભાગની આગાહી મુજબ, શનિવારે દાહોદ, પંચમહાલ, વડોદરા, છોટાઉદેપુર, ભરૂચ, નર્મદા, સુરત, તાપી, નવસારી, ડાંગ, વલસાડ, દમણ , દાદરા નગર હવેલી, જૂનાગઢ, ગીર સોમનાથ, પોરબંદર, દીવ, રાજકોટ, અમરેલી, બોટાદ, ભાવનગરમાં વરસાદની આગાહી કરવામાં આવી છે.હવામાન વિભાગના જણાવ્યા મુજબ, આગામી ૭ દિવસ સુધી રાજ્યમાં વરસાદની સંભાવના છે. જેમાં દક્ષિણ ગુજરાતમાં હળવાથી મધ્યમ વરસાદ વરસવાની સંભાવના છે.

# ભુજના વાણિયાવાડમાં નગરપાલિકા અને કાછિયાઓ વચ્ચે ઘર્ષણ

ભુજ : શહેરના વાણિયાવાડ વિસ્તારમાં આજે સવારે સુધરાઈ તંત્ર દ્વારા જાહેરમાં લારી-ગલ્લા ઊભા રાખી શાકભાજી અને ફળફળાદિનું વેચાણ કરતા ફેરિયાઓને હટાવવામાં આવ્યા હતા. સુધરાઈ તંત્રની કામગીરી દરમિયાન ફેરિયાઓ અને નગરપાલિકાના કર્મીઓ વચ્ચે ઘર્ષણ થયું હતું. અમુક ફેરિયાઓએ ખસી જવાનો ઈન્કાર કરી સુધરાઈ કર્મીઓ સાથે ધક્કામુક્કી કરતા ભુજ શહેર પોલીસે મોરચો સંભાળ્યો હતો. બબાલ કરી રહેલા ફેરિયાઓ પર કાયદાનો દંડો ઉગામ્યો હતો અને અમુક લારી-ગલ્લા ધારકોની અટકાયત કરી હતી.




**સુધરાઈ તંત્ર દ્વારા વાણિયાવાડમાંથી શાકભાજીના લારી-ગલ્લાઓ ખસેડવાની કામગીરી હાથ ધરાઈ : શાકભાજીના ફેરિયાઓએ હાથાપાઈ કરતા પોલીસે સંભાળ્યો મોરચો : અમુક ફેરિયાઓની પોલીસે કરી અટકાયત**

ભુજ નગરપાલિકાએ શહેરના ઓપનએર થિયેટરમાં શાકભાજી અને ફળફળાદિના વિક્રેતાઓને જગ્યા ફાળવી જાહેર માર્ગ પરથી ખસી જવા તાકીદ કરી હતી પરંતુ ઓપનએર થિયેટરમાં ગ્રાહકો આવતા ન હોવાનું જણાવી ફેરિયાઓ પોતાની મૂળ જગ્યા છોડવા તૈયાર થયા ન હતા. આજે સવારે સુધરાઈ તંત્રએ કડકાઈથી દબાણો હટાવવાની કામગીરી કરતા ભારે બબાલ થઈ હતી. આ ઘર્ષણના પગલે મોટું ટોળું એકઠું થઈ ગયું હતું.

આ તકે ભુજ શહેર શેરીફેરિયા સંગઠનના મામદ લાખાએ જણાવ્યું હતું કે, ભુજ નગરપાલિકાના સત્તાધિશો અને દબાણ શાખાના કર્મચારીઓ વચ્ચે સંકલનના અભાવે ઓપનએર થિયેટરમાં ગોઠવાયેલ વ્યવસ્થા ખોરવાઈ ગઈ હતી ત્યારે તંત્ર દ્વારા હાથ ધરવામાં આવેલ કાર્યવાહી ગરીબ શ્રમજીવીઓની આજીવિકા પર તરાપ સમાન છે.

# ભુજનો યુવક દોઢ મહિનામાં બીજી વખત ઠગાઈનો પ્રયાસ કરતા પકડાયો

ભુજ : શહેરમાં એક લાખના બે લાખ કરી આપવાના નામે ઠગાઈ કરતી ટોળકી સક્રીય છે. છેલ્લા છ મહિનાથી આવા ડઝનથી વધુ બનાવો સામે આવ્યા છે. કાયદાની કોઈ બીક ન હોય તેમ ઈન્સ્ટાગ્રામમાં વીડિયો અપલોડ કરી ઠગાઈનો પ્રયાસ કરવામાં આવે છે. દોઢ મહિના પહેલા ભુજમાં રામભાઈ પટેલ નામની આઈડીનો વીડિયો વાયરલ થયો હતો. જેમાં એલસીબીએ કેમ્પ એરિયાના અબ્દુલ રઝાક રઉફ રાયમા અને રૈયાન અલીમામદ બકાલી સમાની ધરપકડ કરી હતી. તે સમયે આરોપીઓએ કબૂલાત આપી હતી કે, તેઓએ રૂમ ભાડે રાખી ભારતીય ચલણની નકલી નોટો લાવી વીડિયો બનાવી અન્ય વ્યક્તિના નામે મેળવેલ સિમકાર્ડ પરથી આઈડી બનાવી લોભામણી રિલ્સ અપલોડ કરી હતી. તે સમયે અટકાયતી



**ઈન્સ્ટાગ્રામમાં બનાવટી આઈડી બનાવી એકના ડબલ કરવાની આપી હતી લાલચ**

પગલાં બાદ આરોપી છૂટી ગયા અને હવે ફરી એજ ઈસમ બીજી વખત ઈન્સ્ટાગ્રામમાં વીડિયો અપલોડ કરી ઠગાઈનો પ્રયાસ કરતા પકડાયો છે. એસઓજી દ્વારા સોશિયલ મીડિયા પર નજર રાખવામાં આવી રહી હતી ત્યારે ભાવીન પટેલ નામની બોગસ આઈડી પર બે લાખના છ લાખ અને ત્રણ લાખના નવ લાખ આપતી સ્કિમ આપવામાં આવી હતી. પોલીસે તપાસ કરી કેમ્પ એરિયાના અબ્દુલ રઝાક રઉફ રાયમા અને તેના ફૈઝાન ફિરોજ મોગલ સામે ગુનો દાખલ કર્યો હતો. જે પૈકી અબ્દુલની અટકાયત કરવામાં આવી છે. ફૈઝાનના મોબાઈલ અગાઉ રોહન પટેલ અને બાદમાં નામ બદલીને ભાવીન પટેલ કરી આઈડી બનાવાઈ હતી. જેમાં અસલી ભારતીય રૂપિયાના બદલામાં ડબલ ભાવે બનાવટી ભારતીય રૂપિયા આપવાના વીડિયો બનાવી ઠગાઈનો પ્રયાસ કરાયો હતો. છ મહિના પહેલા આ વીડિયો બનાવ્યા હોવાનું આરોપીનું કહેવું છે. આ પ્રકરણમાં ફૈઝાન પકડાયો નથી. મહત્ત્વનું છે કે, દોઢ મહિના પહેલા પણ આજ પ્રકારની કાર્યવાહીમાં એલસીબીના હાથે આરોપી પકડાયો હતો.

# નલિયા-તેરા રોડ પર એક્ટિવા સ્લીપ થતા યુવાનનું મોત

**આદિપુરમાં યુવતીનો આપઘાત, ભુજમાં યુવાને જિંદગી ટુંકાવી : એ-ડિવિઝન પોલીસ સ્ટેશનમાં હાર્ટએટેક આવી જતા આધેડનું મોત**

ભુજ : અબડાસા તાલુકાના નલિયા-તેરા રોડ પર એક્ટિવા સ્લીપ થતા યુવાનનું મોત થયું હતું. આ બાબતે જાણવા મળતી વિગતો મુજબ નલિયાના ૨૮ વર્ષિય રાજેશ પ્રેમજીભાઈ સોલંકી એક્ટિવા નં.જીજે૧૨ - એચએ - ૫૮૮૭ લઈને જતા હતા ત્યારે કોઈ કારણોસર એક્ટિવા સ્લીપ થતા માથાના ભાગે ગંભીર ઈજાઓ થતા યુવાનને જી.કે. જનરલ હોસ્પિટલમાં લઈ અવાયો હતો. જ્યાં તેનું સારવાર દરમિયાન મોત થયું હતું. આ તરફ ભુજના યોગેશ્વર નગરમાં રહેતા અને મૂળ મોટી વિરાણીના ૨૨ વર્ષિય રમેશ ખીમજી સેલાએ કોઈ કારણોસર ફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. આ તરફ આદિપુરમાં ૧૯ વર્ષિય હંસાબેન ધનજી માતંગે પોતાના ઘરે કોઈ અગમ્ય કારણોસર ફાંસો ખાઈ જીવાદોરી ટુંકાવી હોવાનું હોસ્પિટલ ચોકીએથી જાણવા મળ્યું હતું.

દરમિયાન ભુજના બસ સ્ટેશન પાસે કોઈ બાબતે ઝઘડો થયો બાદ એ-ડિવિઝન પોલીસ પહોંચી હતી અને આરટીઓમાં રહેતા ૫૧ વર્ષિય હરેશભાઈ મગનલાલ ઠક્કરને પોલીસ સ્ટેશન લઈ જવાયા હતા. પોલીસે ચેપ્ટર કેસ કરી તેમને લોકઅપમાં રાખતા અચાનક તેઓને ગભરામણ થઈ અને છાતીમાં દુઃખાવો થતા ૧૦૮ મારફતે હોસ્પિટલ લઈ જવાયા હતા. જ્યાં તેમનું મોત થયું હતું. તબીબે હાર્ટએટેકના કારણે મોત થયું હોવાનું જણાવ્યું હતું. બનાવને પગલે ભારે ચકચાર મચી જવા પામી હતી.

# અદાણી ગ્રુપે રૂા. ૭૪,૯૪૫ કરોડનો કર ભર્યો

અમદાવાદ : વ્યવસાયની સાથોસાથ દેશના વિકાસલક્ષી કાર્યોમાં વિવિધ કર ભરપાઇ કરી સહભાગી થવા ઉદ્યોગ - વેપાર જગતનું નોંધપાત્ર યોગદાન રહ્યું છે. અદાણી ઉદ્યોગ સમૂહનું નાણાકીય વર્ષ ૨૦૨૫ દરમિયાન સરકારી તિજોરીમાં કરના સ્વરૂપમાં કુલ યોગદાન ૨૯ ટકા વધીને રૂા. ૭૪,૯૪૫ કરોડ થયું છે જે તેની લિસ્ટેડ કંપનીઓના પોર્ટફોલિયો દ્વારા નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪માં રૂા. ૫૮,૧૦૪ કરોડ હતું. રૂા. ૭૪,૯૪૫ કરોડની રકમ એ લાખો મુંબઈગરાઓની આંતર માળખાકીય જીવનરેખા છે એવા સમગ્ર મુંબઈના મેટ્રો નેટવર્કના નિર્માણના અંદાજીત ખર્ચ બરાબર કે આધુનિક ઓલિમ્પિકનું આયોજન કરવા માટે પણ મહદઅંશે પૂરતું છે.

અદાણી સમૂહની લિસ્ટેડ કંપનીઓમાં સૌથી અગ્રણી ફાળો આપનારાઓમાં અદાણી એન્ટરપ્રાઇઝ લિ., અદાણી સિમેન્ટ લિ., અદાણી પોર્ટ્સ એન્ડ સ્પેશિયલ ઈકોનોમિક ઝોન અને અદાણી ગ્રીન એનર્જી લિ. સામેલ છે. અદાણી સમૂહની સાત લિસ્ટેડ કંપનીઓ અદાણી એન્ટરપ્રાઇઝ લિ., અદાણી પોર્ટ્સ એન્ડ સ્પેશિયલ ઈકોનોમિક ઝોન લિ., અદાણી ગ્રીન એનર્જી લિ., અદાણી એનર્જી સોલ્યુશન્સ લિ., અદાણી પાવર લિ., અદાણી ટોટાલ ગેસ લિ. અને અંબુજા સિમેન્ટ્સ લિ. દ્વારા પ્રકાશિત કરવામાં આવેલ સ્વતંત્ર વાર્ષિક અહેવાલોમાં આવરી લેવામાં આવી છે. આ રકમમાં ત્રણ અન્ય લિસ્ટેડ કંપનીઓ એનડીટીવી, એસીસી અને સાંઘી ઈન્ડસ્ટ્રીઝ દ્વારા ચૂકવવામાં આવતા કરનો પણ સમાવેશ થાય છે જે સાત કંપનીઓ દ્વારા રાખવામાં આવી છે. અદાણી કંપનીઓના પોર્ટફોલિયો દ્વારા ભરપાઇ કરવામાં આવતા વૈશ્વિક કર, ડ્યુટી અને અન્ય ચાર્જ જેવા સીધા યોગદાન અન્ય હિસ્સેદારો વતી એકત્રિત કરીને ભરવામાં આવતા વૈશ્વિક કર અને ડ્યુટી જેવા પરોક્ષ યોગદાન તેમજ કર્મચારીઓના કલ્યાણ માટે સામાજિક સુરક્ષા વગેરે જેવા ક્ષેત્રોમાં યોગદાન આપવામાં આવ્યું છે.

વ્યાપક ઈએસજી માળખાનો અભિન્ન ભાગ ગણતા અદાણી ઉદ્યોગ સમૂહે કર પારદર્શિતાને અગ્રતા આપે છે.. અદાણી સમૂહ આ સ્વૈચ્છિક પહેલ મારફત પારદર્શિતા પ્રત્યેની તેની પ્રતિબદ્ધતા, હિસ્સેદારોના વિશ્વાસને પ્રોત્સાહન આપવા સાથે વધુ જવાબદાર વૈશ્વિક કર વાતાવરણમાં યોગદાન આપવાનો હેતુ ધરાવે છે. વિકાસને સામાજિક જવાબદારી સાથે સુમેળ સાધવાનો અદાણી સમૂહ હંમેશા પ્રયાસ કરે છે જેનો ઉદ્દેશ્ય ભારતના માળખાગત નકશામાં નવીનતાને પ્રોત્સાહન આપવા અને હિસ્સેદારો માટે લાંબા ગાળાના મૂલ્યનું સર્જન કરવાનો છે.

ઉલ્લેખનીય છે કે અદાણી સમૂહે સરકારી તિજોરીમાં તેના વૈશ્વિક યોગદાન પર સ્વતંત્ર ખાતરીબધ્ધ અહેવાલ પૂરો પાડવા માટે એક વ્યાવસાયિક એજન્સીને નિયુક્ત કરી છે. આ માહિતી વાર્ષિક અહેવાલના કર પારદર્શિતા વિભાગમાં શામેલ છે અને વૈશ્વિક સ્તરે સમૂહની કંપનીઓ દ્વારા ચૂકવવામાં આવતા વિવિધ પ્રકારના કર અને અન્ય યોગદાન તેમજ કર પ્રત્યે જૂથના અભિગમની વિગતો પ્રદાન કરે છે.

# વિજપાસર સરપંચ પદના ઉમેદવાર તરીકે વિક્રમસિંહ જાડેજાના નામની પસંદગી




**ધારાસભ્ય વિરેન્દ્રસિંહ જાડેજાના અધ્યક્ષ સ્થાને ગામના આગેવાનોની મળી બેઠક**

ભચાઉ : જાડેજા ફાર્મ મધ્યે રાપર ધારાસભ્ય વિરેન્દ્રસિંહજી જાડેજાના અધ્યક્ષ સ્થાને વિજપાસર ગામના દરેક સમાજના આગેવાનોની બેઠક મળી હતી. જેમાં દરેક સમાજની સર્વ સંમતિથી વિક્રમસિંહ હિંમતસિંહ જાડેજાને ગામના સરપંચ પદના ઉમેદવાર પસંદ કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે કચ્છ જિલ્લા પંચાયતના પ્રમુખ જનકસિંહ જાડેજા, તાલુકા ભાજપ પ્રમુખ વાઘજીભાઈ આહીર, પૂર્વ તાલુકા પંચાયત પ્રમુખ ભરતસિંહ જાડેજા, નામેરીભાઇ આહીર, મહાવીરસિંહ જાડેજા, કાનાભાઈ કોલી, હરીસિંહ જાડેજા સહિત રાજકીય અને સામાજિક, આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

# મુંદરા આડેધડ વાહન પાર્કિંગના કારણે ટ્રાફિકજામ

મુંદરા : શહેરના વિકાસ બાદ વાહનોની સંખ્યામાં વધારો થયો છે પરંતુ પાર્કિંગની સરખી વ્યવસ્થા નથી. અને ઉપરથી આડેધડ વાહનો પાર્કિંગ કરવામાં આવે છે, જેના કારણે ટ્રાફિકની સમસ્યા સર્જાય છે. નવા રોડ એસટી તાલુકા પંચાયત સુધી બની રહ્યો છે, જેના કારણે અન્ય માર્ગનો ઉપયોગ કરી રહ્યા છે. તેમ છતાં ગઈ કાલે એસટી બસ સ્ટેશનથી પોલીસ ચોકી સુધી સાંજના ભારે ટ્રાફિક સર્જાઈ



હતી. તેમ છતાં કોઈ પોલીસ કર્મચારી ત્યાં જોવા મળ્યા ન હતા. સાંજના સમય લાંબા રૂટની સુરત, કોડિનાર, સોમનાથ, દાહોદ માટે બસો જાય છે, જે ટ્રાફિકમાં અટકાઈ હતી. કલાકો સુધી લોકોને ટ્રાફિકમાં ફસાવાનો વારો આવ્યો હતો.

# માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક વિભાગમાં શિક્ષણ સહાયકના કરાર રિન્યૂ

**સોમવારથી શરૂ થતા નવા શૈક્ષણિક વર્ષથી ફરજ બજાવશે**

ભુજ : ૯મી જૂન, સોમવારથી રાજ્યમાં નવા શૈક્ષણિક વર્ષની શરૂઆત થશે. ૪૫ દિવસ લાંબા ઉનાળુ વેકેશન બાદ સોમવારથી પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ પુનઃ ધમધમતી થશે ત્યારે રાજ્યના શિક્ષણ વિભાગે માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક વિભાગમાં વિદ્યાર્થીઓના હિતોને ધ્યાને લઈ મહત્ત્વનો નિર્ણય લીધો છે. કચ્છ સહિત રાજ્યની હાઈસ્કૂલોમાં ફરજ બજાવતા શિક્ષણ સહાયકોના કરાર રિન્યૂ કરવામાં આવ્યા છે. આ અંગે પ્રાપ્ત વિગતો અનુસાર રાજ્યના શાળાઓની કચેરીના કમિશનર દ્વારા તા.૬ જૂનના દરેક જિલ્લા શિક્ષણ અધિકારીઓને જ્ઞાન સહાયકોના કરારની મુદ્દત વધારવા સૂચના આપી હતી. શાળાકક્ષાએ નિયમિત શિક્ષકોની ભરતી થતા અથવા લાંબી રજા પર ગયેલ શિક્ષક પાછા ફરે અથવા સરકારી શાળામાં બદલીથી અને બિન સરકારી શાળામાં ફાજલ શિક્ષક હાજર થયેથી છૂટા કરવાની શરતે રાજ્યની સરકારી અને બિન સરકારી માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં જ્ઞાન સહાયકોની મુદ્દત વધારવામાં આવી છે. આ અંગે તાત્કાલિક નિયમ અનુસારની કાર્યવાહી કરવા જિલ્લા શિક્ષણ તંત્રને આદેશ કરાયો છે. આ મહત્ત્વની ઘોષણાથી સોમવારથી શરૂ થતી શાળાઓમાં કરાર આધારિત શિક્ષકો ફરજ બજાવી શકશે. આ પગલાંથી નવા શૈક્ષણિક વર્ષના પ્રારંભે શિક્ષકોના અભાવે બાળકોના શિક્ષણ અટકશે નહીં.

# ઉમેદવારોએ શાળા પસંદગી માટે પુનઃ ઓનલાઈન અરજી કરવાની રહેશે

ભુજ : રાજ્યની સરકારી ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ સહાયક ભરતી ૨૦૨૪ અન્વયે ૨૬ મે ૨૦૨૫ અને ૫ જુન ૨૦૨૫ના ગુજરાત રાજ્ય શૈક્ષણિક સ્ટાફ ભરતી માટેની પસંદગી સમિતિની બેઠક મળી હતી. જેમાં વધુમાં વધુ ઉમેદવારોને રોજગારીની તક મળે, સરકારી શાળાઓમાં મહત્તમ સંખ્યામાં શિક્ષકો ઉપલબ્ધ થાય તેમજ શાળા પસંદગીમાં ઉમેદવારોને વિકલ્પો મળી રહે તેવા હેતુથી સરકારી ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ સહાયક ભરતી ૨૦૪ માટે પુનઃ વિચારણા કરવામાં આવી છે. ઉમેદવારોના ડોક્યુમેન્ટ વેરીફિકેશન અને વાંધા અરજી બાદ લાયક તમામ ઉમેદવારોને શાળા પસંદગીની તકો આપવામાં આવશે. અગાઉ ૧૩ જુન ૨૦૨૫થી ૧૭ જુન ૨૦૨૫ દરમિયાન ઉમેદવારો

**સરકાર દ્વારા અગાઉ જાહેર કરેલી શાળા પસંદગી અને શાળા ફાળવણીની પ્રક્રિયા કરાઈ રદ્દ : પસંદગી સમિતિની મળેલી બેઠકમાં લેવાયો નિર્ણય**

દ્વારા આપવામાં આવેલ શાળા પસંદગી અને ૨૧ મે ૨૦૨૫ના કરેલી શાળા ફાળવણી રદ્દ કરવામાં આવી છે. હવે તમામ ઉમેદવારોએ ૬ જુનથી ૯ જુન ૨૦૨૫ દરમિયાન રાત્રે ૧૧:૫૯ કલાક સુધી પોર્ટલ પર ઓનલાઈન પુનઃ શાળા પસંદગી આપવાની રહેશે.

વધુમાં બિનસરકારી અનુદાનિત ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં શિક્ષણ સહાયક ભરતી ૨૦૨૪ અન્વયે ડોક્યુમેન્ટ વેરીફિકેશન અને વાંધા અરજી બાદ લાયક તમામ ઉમેદવારોને પણ ૬ ુન ૨૦૨૫થી ૯ જુન ૨૦૨૫ દરમિયાન રાત્રે ૧૧:૫૦ કલાક સુધી પોર્ટલ પર ઓનલાઈન શાળા પસંદગી આપવાની રહેશે. સરકારી ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં શિક્ષણ સહાયક ભરતી ૨૦૨૪ અન્વયે અગાઉ શાળા પસંદગી આપેલ હોય, ના આપેલ હોય કે શાળા ફાળવણી થયેલ હોય, ના થયેલ હોય તેવા તમામ ઉમેદવારોએ નવેસરથી શાળા પસંદગી આપવાની રહેશે. અને શાળા પસંદગી પ્રક્રિયામાં ભાગ ન લેનાર ઉમેદવારોને સંબંધિત ભરતી પ્રક્રિયામાંથી બાકાત રાખવામાં આવશે તેવું ગુજરાત રાજ્ય માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં શૈક્ષણિક સ્ટાફ ભરતી માટેની પસંદગી સમિતિની યાદીમાં જણાવાયું છે.

# શેખડિયા ગ્રામ પંચાયતની ચૂંટણીમાં રસાકસી

**સાડાઉમાંથી અલગ થયેલ મંગરા - શેખડિયા ગ્રામ પંચાયત : સમાઘોઘામાંથી બરાયા સ્વતંત્ર પંચાયત**

મુંદરા : તાલુકાના સાડાઉ જુ. ગ્રામ પંચાયતમાંથી મંગરા, શેખડિયા સ્વતંત્ર ગ્રામ પંચાયત બન્યા બાદ પ્રથમ ચૂંટણી યોજાવા જઈ રહી છે, ત્યારે શેખડિયા ગ્રામ પંચાયતના સરપંચ પદ માટે રૂપલબેન નાગાજણભાઈ ગઢવીએ ફોર્મ ભર્યો છે. તો બીજીબાજુ શેખડિયા ગામના અનેક સામાજિક - માનવ સેવા તથા ગરીબો માટે કામ કરવા તત્પર રહેતા યુવા અને લોકપ્રિય કમલેશભાઈ ગઢવીએ સરપંચ



પદ માટે સંપૂર્ણ બોડી સાથે ઉમેદવારી કરી છે. કમલેશભાઈ ગરીબ પ્રજા માટે કામ કરતા રહ્યા છે. કોઈ પણ કામ હોય રાત્રે ૩ વાગ્યે ફોન કરો તો તેઓ તરત ગાડી કાઢી ઉભા રહી જશે. ગામના વિકાસના અનેક સારા કાર્યો કર્યા છે.

સરપંચ પદના ઉમેદવાર કમલેશભાઈએ જણાવ્યું હતું કે, ગામમાં ધોર ૮ સુધી શાળા છે તેને ધોરણ ૧૨ સુધી લઈ જવાનું પ્રથમ કામ મારૂ હશે. સમાજવાડી, પાણીનો ટાંકો બનાવી દિધો છે, જે ભવિષ્યમાં ગામને પ્રગતિશીલ પથે લઈ જવાનો કાર્ય કર્યું છે. માનવ સેવા એ જ પ્રભુ સેવા છે તેમ જણાવ્યું હતું.

# મુંદરા તાલુકામાં મુસ્લિમ બિરાદરોએ ઈદની નમાઝ અદા કરી



**હિન્દુ ભાઈઓએ મુબારકી પાઠવી**

મુંદરા : તાલુકાના વિવિધ ગામોમાં વસતા મુસ્લિમ બિરાદરોએ બકરી ઈદની ઉજવણી કરી હતી, જેમાં મૌલાના દ્વારા સૌને ઈદની મુબારકી આપી હતી.

ધ્રબ ગામની ઈદગાહ મધ્યે મૌલાના અફતી અલીમામદ દ્વારા ઈદની નમાજ અદા કરાવી હતી. નાના - મોટા સૌ બિરાદરોએ એકબીજાને ભેટી ઈદની મુબારકી આપી હતી. આ પ્રસંગે ધ્રબના અસ્લમ તુર્ક, યશ એન્ટરપ્રાઈઝના સુલતાનભાઈ તુર્ક, પૂર્વ સરપંચ અધ્રેમાનભાઈ તુર્ક, સતારભાઈ મીઠાણી, યશ ગ્રીનના રફીકભાઈ તુર્ક, પૂર્વ તા.પં. સભ્ય મજીદભાઈ તુર્ક, રસીદભાઈ તુર્ક, અબ્દુલભાઈ તુર્ક, કાદરભાઈ તુર્ક, લાલમામદભાઈ તુર્ક સહિતનાએ ઈદની મુબારકી




આપી હતી.

તો બીજીબાજુ ભદ્રેશ્વર ગામે ઈદની નમાજ મૌલાના ઈબ્રાહીમ દ્વારા કરાઈ હતી. જેમાં પૂર્વ સરપંચ ઉમર કુંભાર, મહીરભાઈ સુલેમાન, હુસૈનભાઈ દ્વારા ઈદની તમામ હિન્દુ ભાઈને ઈદની મુબારકી આપી હતી. સાડાઉ ગામે ઈદગાહ મધ્યે સૈયદ હાજી મામદશા દ્વારા ઈદની નમાજ અદા કરાવી હતી, જેમાં રાષ્ટ્રીય માનવ અધિકાર સંગઠનના પ્રદેશ અધ્યક્ષ સાધ અજીજ સુલેમાને તમામ હિન્દુ - મુસ્લિમ ભાઈઓને ઈદની મુબારકી આપી હતી. તાલુકાના બારોઈ, લુણી, ભુજપુર તેમજ અન્ય ગામોમાં ઈદની નમાજ અદા કરાઈ હતી.

મુંદરા ઈદગાહ મધ્યે મૌલાના દ્વારા તમામ હિન્દુ - મુસ્લિમ ભાઈઓને ઈદની મુબારકી આપતા જણાવ્યું હતું કે, દેશમાં શાંતિ ભાઈચારો બની રહે તેમજ ગરીબોને મદદરૂપ થવા, દિલમાં નફરતની બગાવતને કાઢી ભાઈચારો કાયમ રાખો એ જ ઈદની શુભકામના છે.

# માંડવી ખાતે ઈદ ઉલ અઝહાની સમૂહ નમાજ સાથે ઉજવણી કરાઈ




માંડવી: કચ્છ સહિત દેશભરમાં આજે ઈદ ઉલ અઝહાનો તહેવાર ઉજવાઈ રહ્યો છે ત્યારે કચ્છના બંદરીય શહેર માંડવીમાં ઈદગાહ ખાતે કચ્છ અંજુમને ઈસ્લામ દ્વારા ઈદ ઉલ અઝહા નિમિત્તે સમૂહ નમાજ નું આયોજન કરવામાં આવ્યું હતું. સૈયદ રિઝવાનશા બાવાએ નમાજ અદા કરાવી હતી. જ્યારે સૈયદ હાજી અમીનસા બાવા એ દુઆ ફરમાવતા કુરબાનીનો મહત્વ સમજાવી સર્વેને ઈદની મુબારકબાદી પાઠવી હતી. આ વેડાએ બહોળી સંખ્યામાં મુસ્લિમ બિરાદરો ઉપસ્થિત રહ્યા હતા. ઈદ નમાઝ બાદ આપસમાં ઈદની મુબારકબાદી પાઠવી હતી. આજની ઈદ નમાજમાં કચ્છમાં કોમી એકતા જળવાઈ રહે અને દરેક કછવાસીઓની સુખાકારી માટે દુઆ માંગવામાં આવી હતી.

# રાપર સહિત વાગડ વિસ્તારમાં ઈદ ઉલ અઝહાની ઉજવણી

રાપર : મુસ્લિમ સમાજના પવિત્ર તહેવાર બકરી ઈદ નિમિત્તે વાગડ વિસ્તારના રાપર સલારી, નંદાસર, આડેસર સહિતના ગામોમા મુસ્લિમ સમાજ દ્વારા બકરી ઈદની ઉજવણી કરવામાં આવી હતી. મુસ્લિમ સમાજ દ્વારા ઈદ નિમિત્તે નમાઝ અદા કરવામાં આવી હતી. રાપર શહેર ખાતે ઈદે ઈદુલઅઝા (બકરી ઈદ) અઢવાળા તળાવ પાસે આવેલી ઐતિહાસિક ઈદગાહ ખાતે નમાજ અદા કરવામાં આવી હતી.

આ પ્રસંગે પીર સૈયદ અનવરશાહ બાપુએ અમન અને ભાઈચારા માટે દુઆ કરી ત્યારબાદ રાપર જુમ્મા મસ્જિદના પેસ ઈમામે નમાજ અદા કરાવી અને મોલાના ફઝલે હકે ખુત્બો પઢાવ્યો હતો. આ પ્રસંગે રાપર સુન્ની મુસ્લિમ જમાતના પ્રમુખ હાજી ઈસ્માઈલભાઈ પણકા, રાપર જુમ્મા મસ્જિદના મુતવલી, હાજીભાઈ ખાસકેલી, મહમદભાઈ નોડે, કુતુબશા શેખ, ચાંદાજી સમા, રમઝાન મહિડા, ગુલામ રસુલ ચૌહાણ, જાનખાન બલોચ, ઈસ્માઈલ ટાંક, અનવર ઝરીયા, રમજુ જીવાણી, લાલમામદ રાઉમા, ગુલમામદ ટાંક, હાજી કાસમ સોઢા, સૈયદ હાશમશાહ બાપુ,



**બકરી ઈદને અનુલક્ષીને ફુટ પેટ્રોલીંગ યોજાયું**



બકરી ઈદને અનુલક્ષીને રાપર શહેરમા તમામ સમાજના તહેવારો ભાઈચારાની ભાવના સાથે ઉજવાય તે માટે પીઆઈ જે.બી. બુબડીયા, પીએસઆઈ પી.એલ. ફણેજા તથા પોલીસ સ્ટાફ દ્વારા દેના બેંક ચોક, એસટી બસ સ્ટેન્ડ રોડ, સલારીનાકા, માલી ચોક, આથમણા નાકા સહિતના વિવિધ વિસ્તારોમાં ફુટ પેટ્રોલીંગ યોજવામાં આવ્યું હતું.

સૈયદ હુસેનશાહ બાપુ વિગેરે ઉપસ્થિત રહ્યા હતા. પીઆઇ જે.બી. બુબડીયા, આડેસર પીઆઈ જે.એમ. વાળા સહિતના પોલીસ કર્મચારીઓએ બંદોબસ્ત જાળવ્યો હતો.

# અંજારની મુખ્ય ઈદગાહ ઉપર ઈદ- ઉલ - અઝહાની નમાજ અદા કરાઈ



અંજાર : શહેરની ઐતિહાસિક મુખ્ય ઈદગાહ ઉપર ઈદ- ઉલ અઝહાની નમાઝ સૈયદ મેહબુબશા બાવાએ પઢાવેલ હતી, જેમાં હજારોની સંખ્યામાં મુસ્લિમ બીરાદરોએ ઈદની નમાઝ અદા કરી હતી. નમાઝ બાદ એકબીજાને ગળે લાગી ઈદની મુબારકબાદી આપેલ હતી. ઈદ નમાઝ બાદ ઈદ મિલનનો શાનદાર પ્રોગામ કમીટી દ્વારા રાખવામા આવેલ હતું જેમા લોહાર અબ્દુલ અઝીઝ, સૈયદ હાજી અનવરશાહ બાવા, એડવોકેટ શેખ ગુલામશા, શેખ નુરશાભાઈ, સાધાણી રોશનઅલી, પીંજારા હાજી રફીકભાઈ, રાયમા હાજી કાશમભાઈ, હાજી ખત્રી મોહમદ હુશૈનભાઈ તથા મોટી સંખ્યામાં આગેવાનો અને મુસ્લિમ બીરાદરો હાજર રહ્યા હતા.

# ભારત દેશ આફ્તો-મુસીબતોથી બચે

## ગાંધીધામની નુરી મસ્જિદમાં ઈદ ઉલ અઝહાની નમાજ અદા કરાઈ : મોટી સંખ્યામાં મુસ્લીમ બિરદરો રહ્યા હાજર : ઈદની પાઠવી શુભકામનાઓ






ગાંધીધામ : દેશભરમાં આજે ઈજની ઉજવણી કરવામા આવી રહી છે. કુરબાનીના આ પર્વની પૂર્વ કચ્છના ગાંધીધામ શહેરની નુરી મસ્જિદ ખાતે પણ આજ રોજ વહેલી સવારે નમાઝ અદા કરવામાં આવી હતી. આજ રોજ નુરી મસ્જિદ ખાતે ૮:૩૦ વાગ્યે ઈદ ઉલ અઝહાની નમાઝ અદા કરવામા આવી હતી. આજે અલ્લાહ પાક પાસે આપણા દેશમા અમન શાંતી અને ભાઈચારો રહે , આપણો દેશ આફતો-મુસીબતોથી બચે એવી દુઆ કરવામાં આવી હતી. મૌલાના અબ્દુલ શકુરે નમાજ અદા કરાવી હતી. આ તબક્કે શકુરભાઇ માંજોઠી, અબ્દુલભાઇ પઠાન, ગનીભાઇ માંજોઠી , હાજી અલી સોઢા , ફિરોઝખાન પઠાન, ઈસલામુદીન , સાલેમામદ માંજોઠી, શનાઉલલાહ, બારાભાઇ નુરી મસ્જિદના ટ્રસ્ટીઓ અને આગેવાનો હાજર રહ્યા હતા.

# નવા વરાયેલા ડીપીએના સચિવ શ્રી- ડીપીએના એફએ એન સીઈઓનું કેપીકેસ દ્વારા આવકાર




ગાંધીધામ: નવા વરાયેલા ડીપીએના સચિવ શ્રી યોગેશકુમાર સિંગ તથા ગોવા પોર્ટથી બદલીને ડીપીએના એફએ એન સીઈઓ (નાણા વિભાગના વડા) એ કાર્યભાર સંભાળતા તેનું કેપીકેસના પ્રમુખ શ્રી રાણા વિસરીયા તથા પ્રતિનિધિ મંડળ દ્વારા આવકાર આપવામાં આવ્યું. સચિવ યોગેશ કુમારે ૧૯૯૭થી કોલકાતા પોર્ટમાં અધિકારી તરીકે જોડાઈ પોર્ટ માં કારકિર્દીની શરૂઆત કરી. ક્લાસ વન તરીકે તેમણે વિવિધ ક્ષમતાઓમાં બંદર સેવા તેમજ ખાનગી ક્ષેત્રમાં એક્ઝિક્યુટિવ કેડરમાં પાંચ વર્ષનો અનુભવ આપ્યો.

શ્રી સિંઘે ડીપીએમાં વહીવટી ભરતીની બાબતો, શ્રમ કલ્યાણ, આતિથ્ય વ્યવસ્થાપન, ઈવેન્ટ મેનેજમેન્ટ, પરિવહન વ્યવસ્થાપન, તાલીમ અને વિકાસ, અને ઔદ્યોગિક સંબંધો, ટ્રેડ યુનિયન સાથેનો સંકલન વગેરેનો વ્યાપક જ્ઞાન નો અનુભવ નો લાભ કર્મચારી કલ્યાણ કેન્દ્રીત યોજનાઓનો લાભ મળે તેવી અપેક્ષા સાથે કેપીકેએસ ના પ્રમુખશ્રી રાણા વિસરીયા સાથે અધિકારી ગણ માંથી પર્સનલ ઓફિસર રવિ મહેશ્વરી ડેપ્યુટી પર્સનલ ઓફિસર અરવિંદ પ્રધાન પીએ ટુ એફ એ એન્ડ સીઈઓ સુનિલકુમાર મહેશ્વરી ઉપસ્થિત રહ્યા હતા તેમજ પ્રતિનિધિ મંડળે આવકાર્યો.

ગોવા પોર્ટથી બદલીને આવેલા એફ એન સીઈ ઓ (નાણા વિભાગના વડા) અનંત પ્રભુને આવકારી કર્મચારીઓના નાણાકીય પ્રશ્નો બાબતે ચર્ચા કરવામાં આવી. જેનો સકારાત્મક પ્રતિભાવ જોવા મળેલ. પ્રતિનિધિ મંડળમાં પ્રમુખ રાણા વિસરીયા ઉપરાંત સિનિયર વાઈસ પ્રેસિડન્ટ કુમારી ગુલશન ઈલાવ્યા, ભરત કોટેચા, શ્યામ મૂર્તિ કુંડું ,ખજાનચી જયંતિ રીવાલ ,ડેપ્યુટી જનરલ સેક્રેટરી સંદીપ પરમાર, કિરણ ગઢવી, દેવરાજ મહેશ્વરી ,વિનોદ શાહ, વિના રતાવાની, મંજુ કરથા, પુષ્પા ઈસરાની, દેવિકા, પ્રદીપ કોચથ, અશોક મીણા અલ્પેશ શાહ, ઝેડ પટેલ રાકેશ, મનજી દાદુ, જયદેવ રાણા, અભય ગઢવી, જયેશ દેવરીયા, જે. એન. ઠક્કર, ચની વગેરે જોડાયેલા હતા તેવું અખબારી યાદીમાં જનરલ સેક્રેટરી નારી રામ દાસાણીએ જણાવ્યું હતું.

# સુડોકુ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | 2 | | 6 | | | |
| 8 | | 4 | | | | 7 | | 6 |
| 3 | 6 | | | 1 | | | 8 | 2 |
| | 7 | | | | | | 9 | |
| 4 | | | 3 | | 9 | | | 5 |
| | 1 | | | | | | 6 | |
| 6 | 5 | | | 3 | | | 7 | 8 |
| 7 | | 2 | | | | 6 | | 9 |
| | | | 4 | | 7 | | | |

**અહીં એક ચોકઠું આપ્યું છે જેમાં નવ બોક્સ છે. દરેક ખાનામાં નવ ખાનાં છે કરવાનું શું છે.**

**(૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવા જોઈએ. કોઈ આંક રહી ન જવો જોઈએ.**

**(૨) દરેક આડી અને ઊભી હરોળમાં પણ એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ.**

**(૩) પેન્સિલથી આંકડા ભરવાની શરૂઆત કરો**

**(૪) શરૂઆત એ ખાનાથી કરો જ્યાં આંકડો લખવા માટે સૌથી ઓછા વિકલ્પ હોય.**

**ગઈકાલનો ઉકેલ**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 3 | 4 | 5 | 1 | 2 | 8 | 7 | 6 | 9 |
| 8 | 6 | 7 | 9 | 4 | 5 | 2 | 1 | 3 |
| 1 | 9 | 2 | 7 | 3 | 6 | 5 | 8 | 4 |
| 2 | 7 | 1 | 6 | 8 | 4 | 9 | 3 | 5 |
| 5 | 8 | 9 | 3 | 7 | 2 | 1 | 4 | 6 |
| 6 | 3 | 4 | 5 | 9 | 1 | 8 | 7 | 2 |
| 9 | 2 | 6 | 4 | 1 | 7 | 3 | 5 | 8 |
| 4 | 1 | 8 | 2 | 5 | 3 | 6 | 9 | 7 |
| 7 | 5 | 3 | 8 | 6 | 9 | 4 | 2 | 1 |

# કચ્છનોંધ

**કવિ કલાવૃંદ સંસ્થા**

● ભુજ કવિ કલા વૃંદ સંસ્થાના સભ્ય ની સાહિત્યીક બેઠક તા. ૭-૬ના સાંજે ૫:૩૦ કલાકે નરસિંહ ભગવાન મંદિર, નવા સ્વામી નારાયણ મંદિર સામે યોજવા માં આવશે.

**ભુજમાં મેડિટેશન શિબિર**

● સામૂહિક ચેતના જાગૃતિ અભિયાન હેઠળ ઓમ ફાઉન્ડેશન અને ગુજરાત રાજ્ય માનસિક કાર્યક્રમ ગાંધીનગરના સંયુક્ત ઉપક્રમે માનસિક, શારીરિક અને આધ્યાત્મિક સુખાકારી જાવવા માટે ઓમ મેડિટેશન શિબિરનું આયોજન ૮-૬ના રવિવારે સવારે ૧૦થી ૧૨ વાગ્યા સુધી મન ઉર્જા ક્લિનિક, હોસ્પિટલ રોડ ભુજ ખાતે રાખવામાં આવી છે.

**હરિ સુમિરન પ્રાર્થના મંદિર**

● કોડકી રોડ સ્થિત હરી સુમિરન પ્રાર્થના મંદિર ખાતે તા. ૭-૬-૨૦૨૫, શનિવારે રાત્રે ૮ થી ૧૦ સ્વામીનારાયણ સત્સંગ સભાનું આયોજન, મહાપ્રસાદ સાથે. વધુ વિગત માટે રત્નાકરભાઈ જોશીને મળવું.

# અવસાન નોંધ

**ગાંધીધામ** : જમના હરૂમલ રત્નાની (ઉ. વ. ૮૯) તે સ્વ. હરૂમલ રત્નાનીના પત્ની, પુરાણ હરૂમલ રત્નાની (નિવૃત્ત કંડલા પોર્ટ), લીના એસ. વસંદાની, રીતુ ભાટિયા (મોરબી)ના માતા, ગૌરવ રત્નાની (શ્રી મંડપ), ભાવિશા તેજવાણીના દાદી, સતીશ એન. વાસંદાની, મહેશ ભાટિયાના સાસુ, મીનાક્ષી, ભારતી, લવીનાના નાની તા. ૫-૬ના અવસાન પામ્યા છે. પગડી / પ્રાર્થનાસભા તા. ૭-૬ના શનિવારે સાંજે ૬થી ૬:૩૦, ઝૂલેલાલ મંદિર, શિવ હોટેલ પાછળ, ગાંધીધામ ખાતે.

**ગાંધીધામ** : મૂળ બિટ્ટાના કીર્તિભાઈ મથુરાદાસ મહિધર (ઠક્કર) (ટેક્સીવાળા) (ઉ.વ. ૬૨) તે સ્વ. મથુરાદાસ શામજીભાઈના પુત્ર, ગં.સ્વ. સાવિત્રીબેન અને સ્વ. બાબુલાલ છગનલાલ શેઠિયાના જમાઈ, સ્વ. જગદીશભાઈ મથુરાદાસ, અજયભાઈ મથુરાદાસના ભાઈ, ગં.સ્વ. જયાબેન જગદીશભાઈ, નયનાબેન અજયભાઈના દિયર, ગં.સ્વ. જ્યોતિબેનના પતિ, સ્વ. ભાવિન, રાહુલના પિતા, અમરદીપ, નિખિલ, ભાવિનીના કાકા, મિત્તલ ભાવિન મહિધરના સસરા, નિષ્વ, નિષ્વીના દાદા તા. ૫-૬ના અવસાન પામ્યા છે. પ્રાર્થનાસભા / બેસણું તા. ૭-૬ના શનિવારે સાંજે ૫:૩૦થી ૬:૩૦ નૂતન લોહાણા મહાજનવાડી, ભારતનગર, ગાંધીધામ ખાતે.

**ગોપાલનગર - ટપ્પર (તા. અંજાર)** : શરદગર મહેશગર ગુસાઈ (ઉ.વ. ૩૦) તે સ્વ. સાવિત્રીબેન મહેશગર ગુસાઈના પુત્ર, અમિતગર, હરેશગરના નાના ભાઈ, સ્વ. મનીષાબેનના દિયર, સાક્ષીના કાકા, ધનગર, વેલગર, વિસરામગરના પૌત્ર, બલરામગર, મગનગર, અરવિદગર, સ્વ. ભાવેશગર, નેનગર, તુલસીગર, ગોવિંદગરના ભત્રીજા, સ્વ. હરખાબેન શંભુગર ગુસાઈ (તેરા)ના દોહિત્ર તા. ૫-૬ના અવસાન પામ્યા છે. પ્રાર્થનાસભા તા. ૭-૬ના શનિવારે સાંજે ૪:૩૦થી ૫:૩૦ ગોપેશ્વર મહાદેવ મંદિર ખાતે. બારસ તા. ૧૬-૬ના નિવાસસ્થાને.

**ગોપાલનગર - ટપ્પર (તા. અંજાર)** : સાવિત્રીબેન મહેશગર ગુસાઈ તે સ્વ. મહેશગર ધનગર ગુસાઈના પત્ની, અમિતગર, હરેશગર, સ્વં. શરદગરના માતા, મનીષાબેનના સાસુ, સાક્ષીના દાદી, ધનગર નારણગર, વેલગર, વિસરામગરના પુત્રવધૂ, બલરામગર, મગનગર, અરવિંદગર, સ્વ. ભાવેશગર, નેનગર, તુલસીગર, ગોવિંદગરના ભાભી, સ્વ. હરખાબેન શંભુગર ગુસાઈ (તેરા)ના પુત્રી તા. ૫-૬ના અવસાન પામ્યા છે. પ્રાર્થનાસભા તા. ૭-૬ના શનિવારે સાંજે ૪:૩૦થી ૫:૩૦ ગોપેશ્વરમહાદેવ મંદિર ખાતે. બારસ તા. ૧૬-૬ના નિવાસસ્થાને.


કચ્છ, કચ્છીયત અને કચ્છીમાડુની અસ્મિતાનું દર્પણ — કચ્છ ઉદય

**કચ્છ જિલ્લામાં સર્વે ગ્રાહકો મિત્રોને જણાવવાનું કે કચ્છ ઉદય સાંધ્ય દૈનિકમાં મરણનોંધ બપોરે ૧૨.૦૦ વાગ્યા સુધી સ્વીકારવામાં આવશે.**

**અવસાન નોંધ માટે મરણનો દાખલો, આધાર પુરાવો, ગામ પંચાયતનો લેટર, તથા કાઉન્સીલરનો લેટર હશે તો અવસાન નોંધ સ્વીકારવામાં આવશે.**

**સંપર્ક : પ્લોટ નં.૨૮૭, સેક્ટર-૧/એ, ગાંધીધામ**


**ભુજ**: ખાસકેલી ખતુબાઈ કરીમભાઈ તે હુશેન ગધરા, અલીમામદ ગધરા, ઈબ્રાહિમ ગધરા, હાસમ ગધરાના મોટા બહેન, આધમ ખાસકેલી, ઓસમાણ ખાસકેલી, સુમાર ખાસકેલી, સરીફાના માતા તા. ૫-૬ના અવસાન પામ્યા છે. વાયેઝ - જિયારત તા. ૮-૬ના સવારે ૧૦થી ૧૧ મસ્જિદે તાહીર, સંજોગનગર, ભુજ ખાતે.

**ભુજ** : પુષ્કર્ણા બ્રાહ્મણ મોહનલાલ વ્યાસ (ઉ.વ. ૯૧) તે સ્વ. મણિબેન હંસરાજના પુત્ર, ચંદ્રિકાબેન (ચંદ્રાબેન)ના પતિ, રેખાબેન, શૈલેષના પિતા, શીતલબેન, દિનેશભાઈ વાસુ (કાંકરોલી)ના સસરા, મુકેશભાઈ હર્ષ (અંજાર)ના વેવાઈ, સ્વ. નાનાલાલભાઈ, સ્વ. ચૂનીલાલભાઈના ભાઈ, સ્વ. જયાબેનના દિયર, સ્વ. જસવંતીબેનના જેઠ, જગદીશભાઈ (મુંબઈ), સ્વ. કિશોરભાઈ (જેન્ની સ્ટુડિયો), હિતેષભાઈ (વ્યાસ ટાયર), નીલેશભાઈ (દેવ પાવડર કોટિંગ), સ્વ. રેણુકાબેન પુરોહિત, મીનાબેન જોષી (વડોદરા), મંજરીબેન બોધા (અમદાવાદ)ના કાકા, નીલાબેન (મુંબઈ), સ્વ. તરૂણાબેન, કાશ્મીરાબેન, મમતાબેનના કાકાજી સસરા, હીરલ, ચાર્મી, ચિંતન, જુગલ, દેવ, નિવ, શૌર્ય, સિદ્ધિના દાદા, માનસી (મુંબઈ), ભૂમિના દાદાજી સસરા, સ્વ. મોતીબેન ધરમશી દેવકરણ વાલાણી (મુંબઈ)ના જમાઈ, સ્વ. દામોદરભાઈ વાલાણી (મુંબઈ), શકુંતલાબેન પુરોહિત (મુંબઈ), શાંતાબેન કોઠારીના બનેવી, માલતીબેન (જોધપુર), દિગંતભાઈ (મુંબઈ), શિલ્પાબેન (મુંબઈ)ના ફુઆ, યોગિતા, પ્રજ્ઞા, શ્રુતિ, યશ (કાંકરોલી)ના નાના તા. ૫-૬ના અવસાન પામ્યા છે. પ્રાર્થનાસભા તા. ૭-૬ના શનિવારે સાંજે ૪:૩૦થી ૫:૩૦ ભુજ દશનામ ગોસ્વામી સમાજવાડી, રામધૂન પાસે, મહાદેવ નાકા બહાર, ભુજ ખાતે.

**ભુજ** : મૂળ ગુંદિયાળીના સારસ્વત બ્રાહ્મણ હીરાલાલ તુલસીદાસ જોશી (ખટરિયા) (ઉ.વ. ૭૫) તે સ્વ. મણિબેન તુલસીદાસના નાના પુત્ર, શિવદત્તાબેન (બેનાબેન)ના પતિ, સ્વ. સુશીલાબેન લક્ષ્મીશંકર પુરખા (બાંભડાઈ)ના મોટા જમાઈ, ત્રિભુવનદાસ (નિ. સીઆઈબી), ગં.સ્વ. લક્ષ્મીબેન નટવરલાલ પંડ્યા, ગં.સ્વ. તારાબેન અમૃતલાલ રત્નેશ્વર, સ્વ. સાવિત્રીબેનના ભાઈ, સ્વ. રંજનબેનના દિયર, કમલેશ, ઉષાબેન (આદિપુર), વંદનાબેન (ધ્રાંગધ્રા)ના પિતા, નીલેશના કાકા, પુષ્પાબેન, ભરતભાઈ ખીયરા, પ્રણવભાઈ દવેના સસરા, ભાવિનીબેનના કાકાસસરા, વિશ્વનાથ જોશી (નિ. એએસઆઈ - રખો રામ તે), પિનાકીનભાઈ (નિ. બોર્ડર વિંગ), ગં. સ્વ. લતાબેન જમનાદાસ જોશીના બનેવી, નીતાબેન, મીતાબેનના નણદોઈ, સાવન, ધ્રુવ, યક્ષિતના દાદા, સ્વ. શિવાની, દુર્વા, પ્રતીક, રૂદ્રના નાના, ગિરીશ, દિલીપ, રંજન, દીપક, કૈલાસના મામા તા. ૫-૬ના અવસાન પામ્યા છે. બંને પક્ષની પ્રાર્થનાસભા તા. ૭-૬ના સાંજે ૪થી ૫ શેઠશ્રી નાનજી સુંદરજી સેજપાલ (ભીવંડીવાલા) લોહાણા મહાજનવાડી, વી. ડી. હાઈસ્કૂલની બાજુમાં, ભુજ ખાતે.

**ભુજ**: સુમરા મામદ ઓસમાણ (ઉ.વ. ૫૦) તે મ. ઓસમાણ સુલેમાનના પુત્ર, સોબાન, માહીર, ઈરમના પિતા, સુલતાન અલીના મોટા ભાઈ, અફરીદીના સસરા, મોહમદ રેહાનના મોટાબાપા, ડો. ઈબ્રાહિમ માલીના જમાઈ તા. ૫-૬ના અવસાન પામ્યા છે. વાયેઝ - જિયારત તા. ૮-૬ના રવિવારે સવારે ૮:૩૦ વાગ્યે જૂની બકાલી કોલોની, અલીફ મસ્જિદ ખાતે.

**ઝુરા (તા. ભુજ)** : સુમરા હાસમ ઉમર (ઉ.વ. ૪૫) તે મીઠુભાઈ, સલેમાન, ઈબ્રાહિમ, હારૂનના ભાઈ, રમજુ ઈબ્રાહિમના ભાણેજ તા. ૫-૬ના અવસાન પામ્યા છે. જિયારત તા. ૮-૬ના રવિવારે સવારે ૧૦થી ૧૧ મુસ્લિમ જમાતખાના, ઝુરા ખાતે.

**મોટી ભુજપુર (તા. મુંદરા)** : માંજોઠી ગની ઉમર (તુંબડીવાળા) (ઉ.વ. ૬૫) તે ઈબ્રાહિમ (મીઠી રોહર)ના ભાઈ, રફીક, હનીફના પિતા, સુલ્તાન, રજાક, ઈસ્માઈલના કાકા, મ. હાજી સાલેમામદ ઈશાક (ભુજપુર)ના જમાઈ, મ. જુસબ, હાજી અનવર, અલ્તાફ, મજીદના બનેવી, હાજી કાસમ (મીઠી રોહર), મહેમૂદ (ત્રાયા)ના સસરા તા. ૫-૬ના અવસાન પામ્યા છે. વાયેઝ - જિયારત તા. ૮-૬ના રવિવારે સવારે ૧૦થી ૧૧ મોટી ભુજપુર ઈદગાહ ખાતે.

**માંડવી** : તુરિયા ફાતમાબાઈ મામદ (રાજાવાળા) (ઉ.વ. ૫૫) તે તુરિયા મામદ કાસમના પત્ની, મુસ્તાક, નૌમાનના માતા, મ. અ.લતીફ, હસન, હુસૈનના ભાભી, જાવેદના સાસુ, અલી અકબર, અશરફ, કાસમ, મજીદ, ઈમરાન, નઝીર, સલમાનના કાકી, અ.રઝાક, મો.હનીફ, ઈકબાલના મામી, મો. હુસૈન (મુંબઈ), મો.હનીફ (મોટા અંગિયા)ના બહેન તા. ૫-૬ના અવસાન પામ્યા છે. વાયેઝ - જિયારત તા. ૮-૬ના રવિવારે સવારે ૧૦થી ૧૧ બહેનો માટે કુર્આન ખ્વાની તથા ૧૧થી ૧૨ ભાઈઓ તથા બહેનો માટે વાયેઝ - જિયારત ખત્રી જમાતખાના, માંડવી ખાતે.

**નખત્રાણા** : ભૂપેશકુમાર શંકરલાલ પરમાર (લુહાર) (ઉ.વ. ૩૮) તે લુહાર શંકરલાલ માવજી પરમાર તેમજ રેખાબેનના પુત્ર, કિશોરભાઈ માવજીભાઈ પરમાર, સરલાબેન કિશોરભાઈ પરમારના ભત્રીજા, સ્વ. વલ્લમજીભાઈ ભાણજીભાઈ પિત્રોડાના દોહિત્ર, મિત્તલબેન કેતનભાઈ કવા, મિતેષભાઈ શંકરલાલ પરમારના મોટાભાઈ, કાજલબેન મિતેષભાઈ પરમારના જેઠ, ઓમ કિશોરભાઈ પરમાર, કરિશ્માબેન બ્રિજેશભાઈ પિત્રોડાના કાકાઈ ભાઈ, શિવ અને શ્લોકના પિતા, આરવી તથા સાનવીના મામા તા. ૫-૬ના અવસાન પામ્યા છે. પ્રાર્થનાસભા તા. ૭-૬ના શનિવારે સાંજે ૪થી ૫ સમસ્ત લુહાર સમાજવાડી, જે. પી. હોટેલની બાજુમાં, નખત્રાણા ખાતે.

**દેવીસર (તા. નખત્રાણા)** : ખલીફા ખતાબાઈ હારૂન (ઉ. વ. ૭૫) તે મ. હારૂન ઓસમાણના પત્ની, સાલેમામદ, ગનીના માતા, મ. અદ્રેમાન ઓસમાણના ભાભી, મ. ઈસ્માઈલ ઓસમાણ (બિટા)ના નાના ભાઈના પત્ની, મ. ઈસાક મામદ (મોટી ધૂફી )ના પુત્રી, મ. મામદ ઈસાક (મોટી ધુફી), મ. શરીફાબાઈ હારૂન (ભાડરા), મ. હાજરાબાઈ ભચુ (ખોંભડી), ઈલિયાસ ઈસાક (મોટી ધુફી), જુસબ ઈસાક (મોટી ધુફી)ના બહેન, દાઉદ મામદ (મોટી ધુફી)ના ફઈ, સિધિક ઈસ્માઈલ (બિટા)ના કાકી, અનવર અને રજાકના મોટી મા, અબ્દુલના મામી, ઈમરાન, સાહિલના દાદી તા. ૫-૬ના અવસાન પામ્યા છે. વાયેઝ - જિયારત તા. ૮-૬ના રવિવારે સવારે ૧૦થી ૧૧ નિવાસસ્થાન દેવીસર ખાતે.

# અન્ડર ૧૯ ઈન્ટર ડીસ્ટ્રીક્ટ સ્પર્ધામાં કેડીઆરસીએ ચેમ્પિયન







**વંશ આચાર્યના શાનદાર ૧૯૬ રન : ભવિષ્ય જેઠવાને પાંચ વિકેટ : ઠેર-ઠેરથી થતી અભિનંદન વર્ષા**

ગાંધીધામ : કચ્છ ડીસ્ટ્રીકટ રૂરલ ક્રીકેટ એસોની ટીમ અન્ડર ૧૯ની આંતર જિલ્લા ક્રીકેટ સ્પર્ધામાં સળંગ બીજા વર્ષે ચેમ્પિયન થવા પામી છે. સૌરાષ્ટ્ર ક્રિકેટ એસોસીએશન દ્વારા એક મહિનાથી આયોજિત ઈન્ટર ડિસ્ટ્રીક્ટ ટેસ્ટ ક્રિકેટ ટૂર્નામેન્ટમાં કચ્છ ડિસ્ટ્રીક્ટ રૂરલ ક્રિકેટ એસોસીએશનની ટીમ સતત બીજી વખત ચેમ્પિયન બની હતી. આ ટૂર્નામેન્ટમાં ટીમના બે ખેલાડી પૈકી ભવિષ્ય જેઠવાએ મહત્તમ વિકેટ ઝડપીને અને વંશ આચાર્યે બેવડી સદીથી થોડો જ દૂર રહીને શાનદાર દેખાવ કરીને ટીમને ચેમ્પિયન બનાવવામાં મહત્ત્વનું યોગદાન આપ્યુ હતું. વંશનો આ સ્કોર કચ્છના ખેલાડી તરફથી ટૂર્નામેન્ટમાં સર્વાધિક કહેવાય છે. કે.ડી.આર. સી.એ. અને રાજકોટ ડિસ્ટ્રક્ટ વચ્ચે ફાઈનલમુકાબલો થયો હતો. રાજકોટની ટીમે ટોસ જીતીને બેટિંગ કરી હતી. પ્રથમ દાવમાં રાજકોટની ટીમ ૧૭૮ રન કરી શકી હતી. બીજા દાવમાં જીતના લક્ષ્યાંક સાથે ઊતરેલી કે.ડી. આર.સી.એ.ની ટીમે પ્રથમ ઈનિંગ્સમાં ૩૩૫ રન કર્યા હતા અને તેની લીડના કારણે ટીમ ચેમ્પિયન બની હતી. કે.ડી.આર.સી.એ.ના પ્રમુખ ચંદ્રશેખર અયાચી, સેક્રેટરી શરદ શેટ્ટી તેમજ અન્ય પદાધિકારીઓએ વિજેતા ટીમને અભિનંદન પાઠવી આ જીત બદલ હર્ષની લાગણી વ્યક્ત કરી હતી. ટીમના શાનદાર દેખાવથી ખેલાડીઓમાં આનંદની લાગણી પ્રસરી છે. ટીમના કોચ ભાવિક ગોરે માર્ગદર્શન આપ્યું હતું.

# ઈદ ઉલ અઝહા નો દીવસ ગરીબો યતીમોને મદદ કરવાનો દીવસ છે : મૌલાના અબ્દુલસતાર

## ઈદ ઉલ અઝહાના દીવસે જાનવરની કુરબાની સાથે ઈન્સાન પોતાની બુરાઈઓની પણ કુરબાની આપે : હાજી જુમા રાયમા

ગાંધીધામ : આજ રોજ ઈદ ઉલ અઝહાનો તહેવાર સમગ્ર ગાંધીધામ કોમ્લેક્ષ હર્ષોલ્લાસ સાથે ઉજવ્યો હતો વહેલી સવારે મુસ્લિમ બીરાદરો મસ્જીદોમા નમાઝ પડવા મોટી સંખ્યામાં હાજરી આપેલ જેમા નાના બાળકો પણ સામેલ હતા મસ્જીદ એ તયબાહ નવી સુંદરપુરી ખાતે મોલાના હાફીઝ અબ્દુલસતાર માંજોઠી એ ઈદની નમાજ તથા ખુતબો પઢાવેલ તેમણે ઈસ્લામ મઝહબમા કુરબાનીનુ મહત્વ સમજાવેલ તથા આજનો દીવસ ગરીબ યતીમ વિધવાઓને મદદનો દીવસ છે તેમણે ઈદ ની ખુશીમા ગરીબ લોકોને પણ સામેલ કરવાની વાત કરેલ કચ્છ જીલ્લા મુસ્લિમ સમાજના અગ્રણી હાજી જુમા રાયમા એ તમામ કચ્છ તથા દેશવાસીઓને ઈદ મુબારક પાઠવેલ તથા જણાવેલ કે ઈદના દીવસે ફકત જાનવર નહી પણ ઈન્સાન પોતાનામા રહેલ બુરાઈઓ, પોતાના ગુનાહો હસદ (અદેખાઈ) નફરતની પણ કુરબાની આપે અને એક સાચો મુસ્લિમ એજ છે તે સમાજ માથી બુરાઈઓ દુર કરે મોહબ્બત એકતાનો સ્વચ્છ તથા સ્વસ્થ સમાજનુ નીર્માણ કરે મોલાના અબ્દુલસતારે નમાજ પછી સમગ્ર દેશ મા અમન શાંતિ ભાઈચારો કાયમ રહે તેવી દુવા ગુજારેલ આ પ્રસંગે મુસ્લિમ અગ્રણી હાજી જુમા રાયમા, સુમાર હીંગોરજા, લતીફ માજોઠી, સલીમ રાયમા, સતાર હીંગોરજા, જુમા સમા, અજીજ દરવાન શબીર રાયમા, નજીર રાયમા, નીઝામ માંજોઠી, સાહીદ રાયમા, સદામ હીંગોરજા એ વ્યવસ્થા સંભાળી હાજર રહેલ હતા.



# રત્નકણિકા

**જો તમારામાં બીજાઓની રાજ જોવાની આદત છે તો તમે જરૂર પાછળ રહી જશો.- ઇબ્નેનૂર**

# પંચાગ

**કનકચંદ્ર સી. વ્યાસ**

વિક્રમ સં. ૨૦૮૧, શા. શાકે. ૧૯૪૭, પા. દએ-૧૩૯૪, મુ. જીલ્હજ-૧૪૪૬, જૈન વીર સં.-૨૫૫૧, કચ્છી સં. ૨૦૮૧, જયેષ્ઠ સુદ-૧૨ નિર્જળા એકાદશી (ભાગવત-વૈષ્ણવ), ભીમ એકાદશી, બારસની વૃધ્ધિ છે, મુ. બકરી ઈદ તા.૭ જૂન ૨૦૨૫, શનિવાર, પારસી તા.૨૭, મુસ્લિમ તા.૧૦, ચિત્રા નક્ષત્ર, વરિયાન યોગ, બવ કરણ, સૂ.ઉ.૬:૦૫, સૂ.અ.૭:૩૪

આજનો દિવસ અશુભ છે.આજે જન્મેલા બાળકની રાશી તુલા (ર ત) છે.

# આપની આવતી કાલ કેવી જશે...?

**કનકચંદ્ર સી. વ્યાસ**

**મેષ** — વિરોધીઓને કારણે કાર્યમાં રૂકાવટ આવે. આરોગ્ય અંગે સાવચેતી રાખવી.

**વૃષભ** — ધંધાકીય ક્ષેત્રે સફળતાની તક પ્રાપ્ત થાય. અટકેલા કાર્યો આગળ વધે.

**મિથુન** — ધીરજના ફળ મીઠા મળે. વાણી સંયમ જાળવવો હિતાવહ.

**કર્ક** — જાહેરક્ષેત્રને લગતા કાર્યમાં સફળતા મળે. મનની મુરાદ પૂરી થાય.

**સિંહ** — આર્થિક સમસ્યાનો ઉકેલ મળે. કોર્ટ-કચેરીને લગતા કાર્યોમાં સફળતા મળે.

**કન્યા** — મનની મનમાં રહી જાય. વ્યર્થ ક્રોધ અનુભવાય.

**તુલા** — પુરૂષાર્થથી શુભ ફળ પ્રાપ્ત કરી શકશો. લાભની તક સાંપડે.

**વૃશ્ચિક** — કૌટુંબિક પ્રશ્નો ગુંચવાય. કાર્યમાં અવરોધ થતો જણાય.

**ધન** — વ્યર્થ વાદ-વિવાદના ભોગ બનવું પડે. આર્થિક સમસ્યા રહે.

**મકર** — અગત્યની મુલાકાત સફળ નીવડે. રોકાયેલા નાણાં છૂટા થાય.

**કુંભ** — મન પ્રફુલિત રહે. કાર્યબોજમાં વધારો થાય.


**મીન** — આર્થિક લાભની તક મળે. પરિશ્રમનું શુભ ફળ પ્રાપ્ત કરી શકશો.

## જિલ્લાની કોમી-એકતા થયા અનેરા દર્શન : શુભકામનાઓની થઈ આપ-લે

# કચ્છમાં ઈદ ઉલ અઝહાની સોહાદપૂર્ણ ઉજવણી

**ભુજ - ગાંધીધામ - અંજાર - અબડાસા - લખપત - માંડવી - મુંદરા - નખત્રાણા - રાપર સહિત જિલ્લાભરમાં વહેલી સવારે મુસ્લીમ બિરાદરોએ નિમિત્તે અદા કરી નમાઝ : કોમી ભાઈચારો-શાંતી-અમન રહે અજરાઅમર**





















ગાંધીધામ : દેશ-દુનીયામાં આજ રોજ ઈદ ઉલ અઝહાની ઉજવણી કરવામા આવી રહી છે ત્યારે કચ્છભરમાં પણ આ પર્વની ઉજવણી સર્વે મુસ્લીમ બિરાદરો દ્વારા કરવામાં આવી રહી છે. જિલ્લા વડામથક ભુજથી લઈ અને ગાંધીધામ-વાગડથી માંડી અને અબડાસા લખપત સુધીમાં ઠેર ઠેર તમામ તાલુકાઓમાં આજ રોજ સવાર ઈદની નમાઝ મોટી સંખ્યામાં આબાલવૃદ્ધ લોકોએ હાજરી અને અદાયગી ધાર્મિક ભાવ સાથે કરી હતી. ઈદ ઉલ-અઝહા તહેવાર ઈસ્લામ ધર્મમાં વિશેષ સ્થાન ધરાવે છે. આ તહેવાર ઈમાન, ત્યાગ અને સમર્પણના પ્રતિકરૂપે ઉજવવામાં આવે છે.

ભાઈચારો અને શાંતિનો સંદેશ આપતો આ તહેવાર છે. આ તહેવાર માત્ર ધાર્મિક ધોરણે મહત્વનો નથી, પરંતુ સમાજમાં ભાઈચારા, સહિષ્ણુતા અને પ્રેમના સંદેશ માટે પણ ઓળખાય છે. કચ્છભરના અલગ અલગ વિસ્તારોમાં હિંદૂ અને અન્ય સમુદાયના લોકોએ પણ પોતાના મુસ્લિમ મિત્રોને ઈદની શુભેચ્છાઓ આપી, જે ભારતીય સંસ્કૃતિના સૌહાર્દપૂર્ણ સ્વભાવને પ્રતિબિંબિત કરે છે.આ રીતે ઈદ ઉલ્લ અઝહા ૨૦૨૫ની ઉજવણી માત્ર ધાર્મિક ઉલ્લાસ પૂરતી રહી નથી, પરંતુ દેશના તમામ નાગરિકો વચ્ચે એકતાના સુત્રને મજબૂત કરતી દર્શાઈ છે.

## ભુજમાં મામલતદાર કચેરી પાસે બે કિલો ગાંજા સાથે યુવક પકડાયો



**અમદાવાદ રહેતા મૂળ કપુરાશીના શખ્સે વેચાણ માટે મોકલાવ્યો હતો માલ**

ભુજ : શહેરમાં માદક પદાર્થના વધી રહેલા વેચાણ વચ્ચે અઠવાડિયામાં બીજી વખત એસઓજીએ કાર્યવાહી કરીને ગાંજા સાથે યુવકને ઝડપી લીધો છે. અગાઉ યુનિવર્સિટી નજીક કાર્યવાહી કર્યા બાદ હવે મુન્દ્રા રોડ પર મામલતદાર કચેરી પાસે કાર્યવાહી કરવામાં આવી છે.

રાતના સમયે મુન્દ્રા રોડ પર ભુજ ગ્રામ્ય મામલતદાર કચેરીથી ટીન સિટી ગ્રાઉન્ડ જતા રસ્તા પર એસઓજીએ મૂળ કપુરાશીના હાલે ભાનુશાલી નગરમાં ચારણ બોર્ડિંગમાં રહેતા હિતેશદાન માનદાન ગઢવીની અટકાયત કરી હતી. તેની પાસે રહેલી કાળા કલરની બેગમાં પ્લાસ્ટિકના પાંચ પેકેટ મળી આવ્યા હતા. જે ગાંજો હોવાનું સામે આવ્યું હતું. ફોરેન્સિક ટીમને બોલાવી તપાસ કરી વજન કરવામાં આવતા કુલ ૨.૦૮૩ ગ્રામ ગાંજો હોવાનું સામે આવ્યું હતું. જેની કિંમત ૨૦,૮૩૦ આંકવામાં આવી છે. પુછપરછ કરતા તેણે જણાવ્યું કે, હાલે અમદાવાદ રહેતા મૂળ કપુરાશીના વિક્રમપુરી જગનપુરી ગોસ્વામીએ ૧૫ દિવસ અગાઉ ગાંજો મોકલાવ્યો હતો. જેથી બન્ને સામે ભુજ એ-ડિવિઝન પોલીસમાં એનડીપીએસની કલમ તળે ગુનો દાખલ કરવામાં આવ્યો હતો.

**આ ઘટનાને હળવાશથી ન લેવાય : બારૂદના ઢેર પર બેઠું છે કંડલા કોમ્પલેક્ષ**

# કાસેઝ પુલીયા પર એસીડના ટેન્કરમાં આગથી નાશભાગ :

## કોની લાપરવાહી? શું તંત્રને મોટી દુર્ઘટનાની છે ઈંતેજારી?

**સદભાગ્યે જાનહાની ટળી, પણ બે બાજુએ રસતા બંધ કરી દેવાની પડી હતી ફરજ, ડ્રાયવર પણ જીવ બચાવી ટેન્કરમાંથી કુદીને ભાગ્યો : પાલિકા-ડીપીએ- કંડલાના અગ્નિશમન દળોએ આગને કાબુમા લેવા આદરી હતી જહેમત**

**ઘટના કેમ બની ગઈ છે તે અમને પણ નથી સમજાતુ, અમે તો તમામ તકેદારી રાખીએ છીએ : પીયુષ પટેલ(શ્રી શ્રી ટ્રાન્સપોર્ટના મેનેજર)**

ગાંધીધામ : દેશના મહાબંદર પૈકીના એક એવા કંડલા બંદરમાં આવતા અનેક પ્રકારના અતિ જવલંતશીલ કેમીકલોની અહીથી વાહનોમાં હેરફેર થતા હોય છે પરંતુ તેન સલામતી અને સુરક્ષામાં જાણે કે છીંડા જ દાખવતા હોય તેવી રીતે અહી ઘટનાઓ સામે આવવા પામતી રહેતી હોય છે. દરમ્યાન જ આવી વધુ એક ઘટના ગત રોજ બનવા પામી હોવાના અહેવાલો સામે આવવા પામી રહ્યા છે. ગાંધીધામ આદિપુરમાં ગતરોજ બે આગની ઘટના બની હતી. જેમાં કાસેઝ પુલીયા પર ચડી રહેલા એસીડ ભરેલા ટેક્રર અને અંતરજાળના એક ઘરમાં આગ લાગી હતી. બન્ને ઘટનાઓમાં સદભાગ્યે કોઈ દાઝ્યું નહતું પરંતુ સહુના જીવ ઉચ્ચક જરૂર થયા હતા. કંડલા અને ગાંધીધામએ બારુદના ઢગલા પરબેઠેલુ છે, આ વાત આપણે વર્ષોથી સાંભળીએ છીએ. અને એકલ દોકલ ઘટનાઓ આની વાસ્તવીકતા પણ સમજાવતા જાય છે. ગતરોજ કંડલાથી નાઈટ્રીક એસીડ ભરીને ગાંધીધામ તરફ આવી રહેલા ટેક્રરમાં એકાએક આગ ફાટી નિકળી હતી. જેના કારણે વાહન ચાલકો ભયમાં આવી ગયા હતા અને વાહનો દોડાવી મુક્યા હતા. ડ્રાઈવરે પણ જાન બચાવીને ટેંકરથી કુદી ગયો હતો. તો જ્વલનશીલ લીક્વીડમાં લાગેલી આગ હોવાના કારણે તેમાં પાણી નહી, ફોર્મથીજ કંટ્રોલ આવી શકે તેમ હોઈ, પાલિકાના ફાયર ફાઈટર તો આવી પહોંચ્યા પરંતુ તેમણે રોડ બ્લોક કરવાનું કામ કર્યું હતું. તો ડીપીએ, કંડલાની અગ્નીશમન દળની ટીમ સ્થળ પર ધસી ગઈ હતી અને ફોર્મનો મારો ચલાવીને ટેંકરની આગ કાબુમાં લીધી હતી.

બીજીતરફ આ બાબતે જે શ્રી શ્રી ટ્રાન્સપોર્ટ દ્વારા નાઈટ્રેટ એસીડની ગાડીઓનું સંચાલન કરવામા આવે છે તેમના પિયુષભાઈ પટેલને પુછતા તેઓએ કહયુ હતુ કે, ઘટના બની છે, ગઈકાલે અમે પણ સ્થળ પર ગયા હતા, અમે તમામ કાગળો અને ફાયર બોટલ સહિતની વ્યવસ્થાઓ રાખી જ છે, છતા આગ કેમ લાગી ગઈ છે તેનું કારણ હજુ સુધી જાણી શકાયુ નથી. અમે તમામ પ્રકારની તકેદારી રાખી રહ્યા છીએ તેવી ખાત્રી પિયુષભાઈ પટેલે આપી હતી.

## અંજારના પ્રાંત અધિકારી કરાવે લાલઆંખ

**શ્રી શ્રી ટ્રાન્સપોર્ટની એસીડ જેવા જવલંત પદાર્થોનું સંચાલન કરતા તમામ વાહનોનુ ફીટનેશ ચેક કરો : પછી જ ચાલવા દો**

**પોલીસ-આરટીઓતંત્ર- સહિતનાઓએ આ ટ્રાન્સપોર્ટરની કરવી જોઈએ સરખી ઉલટતપાસ : નાઈટ્રીટ એસીડ જેવા જવંલતશીલ પદાર્થના હેરફેરમાં બેરદકારી પાલવી ન શકે : આ તો સદભાગ્યે કોઈ જાનહાની નથી થઈ, જો આ આગની ઝપેટમાં અન્ય આસપાસના વાહનો આવી ગયા હોત તો?**

ગાંધીધામ : ગાંધીધમા-કંડલા સંકુલ બારૂદના ઢેર પર બેઠેલ છે તેવામાં અહી અતિ જવલંતશીલ પદાર્થોના સંગ્રહ સ્થાનો તથા તેની હેરફેર કરવામાં આવે છે પરંતુ કયારે સંગ્રહસ્થાનોમાં તો કયારેક વાહનોમાં આવા હૈઝાર્ડીયસ કેમીકલના નિયમોની અમલવારીના ધોરીધરાર ઉલલઘન થતા જ જોવા મળી આવતા હોય છે. દરમ્યાન જ ગઈકાલે ઝોન ગોલાઈના પુલીયા પર પણ આ ઘટના બનવા પામી છે અને તેમાં પણ કઈક પ્રકારની ક્ષતીઓની ગંધ સામે આવવા પામી રહી છે. નાઈટ્રેટ એસીડ જેવા પદાર્થોની હેરફેરવાળા વાહનમાં જો આગ લાગવાની ઘટના બનતી હોય અને તે એટલી હદે કે કલાકો સુધી તેને કાબુમાં લેવા જહેમત કરવી પડે, પાણીથી પણ તે આગ ન ઓલાય અને ખાસ ફોર્મનો ઉપયોગ કરવો પડે, બે બાજુ રસ્તાઓ બ્લોક કરી દેવા પડે, તેવી ઘટનાને જરા પણ હળવાશથી ને લેવી જોઈએ. ખરેખર તો આ ઘટના કેમ બની? વાહનમાં જે નિયમોની અમલવારી કરવાની હોય છે તે કરાઈ છે કે નહી? ફાયર ઈન્સટીગયુસશર સહિતના સાધનોની શુ વ્યવસથ્ઓ હતી? વાહનોના નિયમ અનુસારના ફીટનેશ જવલંતશીલ પદાર્થની હેરફેર માટેન પરવાના લાયસન્સ હતા કે નહી? જો હતા તો પછી કેમ આગ લાગી? આવી રીતે બેદરકારી કોણે કોણે દાખવી છે? હકીકતમાં શ્રી શ્રી ટ્રાન્સપોર્ટના તમામ આવા વાહનોના ફેર તપાસ કરવા જોઈએ, ફીટનેશ ચકાસણીઓ થવી જોઈએ, હેજાર્ડીયસ કેમીકલના સંચાલન માટેના નીયમોની અમલવારીકરવામા અવે છે કે કેમ? તેની બધી જ ચસકાણી થવી જોઈએ અને તે બાદ જ તેને પરિવહનની છુટ આપવી જોઈએ. ત્યા સુધી તેમના આવા વાહનોને અટકાવી જ દેવા જોઈએ. થંભજાવનો આદેશ આપી દેવો જોઈએ. આ બાબતે અંજારના પ્રાંત અધિકારીશ્રીએ જ લાલઆંખ કરવી પડશે.

## ગાંધીધામના ટાગોર રોડ-મુન્દ્રા સર્કલ પર બસ હડફેટે આધેડનું મોત

**આડેસર ચેક પોસ્ટ પાસે ડિવાઈડરમાં મોપેડ ભટકાતા આધેડનો જીવ ગયો**

ગાંધીધામ : પૂર્વ કચ્છમાં માર્ગ અકસ્માતના વધુ બે ગંભીર બનાવો સામે આવ્યા છે. ગાંધીધામમાં ટાગોર રોડ પર મુન્દ્રા સર્કલ પાસે અવાર-નવાર અકસ્માત થતા હોવાથી સર્કલને નાનું કરવામાં આવ્યું હતું. તેમ છતાં અકસ્માત યથાવત રહ્યા છે. બસ હડફેટે બાઈક ચાલક આધેડનું મોત થયું હતું, જ્યારે આડેસર ચેક પોસ્ટ પાસે ડિવાઈડરમાં મોપેડ ભટકાતા આધેડનો જીવ ગયો હતો.

આદિપુર પોલીસમાંથી મળતી વિગતો મુજબ મુન્દ્રા સર્કલ પર ગત ત્રણ જૂનના બપોરે બે વાગ્યાના અરસામાં અકસ્માત થયો હતો. ફરિયાદી રાપર ખોખરાના ભીમજીભાઈ ભીખાભાઈ બોચિયાના જણાવ્યા પ્રમાણે આરોપી ટાટા મોટર્સની બસ નં.જીજે૩૯ - ટી - ૩૯૮૮ ના ચાલકે પોતાની બસ પૂર ઝડપે ચલાવી ફરિયાદીના પિતા ૫૯ વર્ષિય ભીખાભાઈ બોચિયાની બાઈકને ટક્કર મારતા ગંભીર ઈજાઓ થવાના કારણે સારવાર દરમિયાન મોત થયું હતું. તેમજ પાછળ બેઠેલ સાહેદને ગંભીર ઈજાઓ થઈ હતી. અકસ્માત બાબતે બસ ચાલક સામે ગુનો દાખલ કરવામાં આવ્યો છે.

આ તરફ રાપર તાલુકાના બામણસર નજીક આડેસર પોલીસ ચેક પોસ્ટ પાસે અકસ્માત થયો હતો. મૂળ બનાસકાંઠાના ડિસાના અને હાલે ગાંધીધામમાં ગોપાલપુરી દિન દયાળ પોર્ટ ક્વાર્ટરમાં રહેતા પ્રભુભાઈ સ્વરૂપચંદ ઠક્કર પોતાની એક્સેસ નં.જીજે૩૯ - બી - ૬૫૯૬ લઈને જતા હતા ત્યારે ડિવાઈડર સાથે તેમની ગાડી ભટકાતા માથામાં ગંભીર પ્રકારની ઈજાઓ થવાના કારણે તેમનું સારવાર દરમિયાન મોત થયું હતું. જેથી આડેસર પોલીસમાં ફરિયાદ કરવામાં આવી હતી.

## ગાંધીધામમાં ઘરમાંથી લાખ રૂપિયાના પીતળના વાસણો ચોરાયા

ગાંધીધામ : શહેરના ભારતનગર વિસ્તારમાં આવેલ આશાપુરા સોસાયટીમાં ચોરીનો બનાવ બન્યો હતો. ફરિયાદી અશોકભાઈ જેઠવાનીના જણાવ્યા પ્રમાણે તેમની પાસે જુના સમયના પીતળના વાસણો હોવાથી મકાન ભાડે રાખી તેમાં સંગ્રહ કરી રાખવામાં આવ્યા છે. દર બે-ત્રણ દિવસે તેઓ જોવા માટે જતા આ સ્થળે મકાનના બે દરવાજાના નકુચા અને ગ્રીલ તુટેલી જોવા મળતા વાસણો ગાયબ જણાયા હતા. તપાસ કરતા પાંચ જૂનના આઠ વાગ્યાથી છ જૂનના સવારે ૧૧ વાગ્યા દરમિયાન કોઈ ઈસમોએ ગેરકાયદે પ્રવેશ કરી પીતળના આઠ માટલા, ૪૦ ગ્લાસ, ૧૦ લોટા, બીજા રસોઈના વાણસો મળી કુલ ૫૦ કિલો પીતળના વાસણો કિંમત રૂા.૧.૦૫ લાખની ચોરી થઈ હતી. જેથી એ-ડિવિઝન પોલીસમાં ફરિયાદ કરવામાં આવી હતી.

## શાબાશ છે ટીમ પૂર્વ કચ્છ એન એ પટેલને : ખનીજચોરો પર દંડનીય ધોંષ યથાવત : મુંદરામાંથી રેતીચોરી પકડી





**મુંદરાના ઝરપરામાંથી આજે વહેલી સવારે રેતીચોરા પર બોલાવી તવાઈ : ૧ લોડર એક ટ્રેકટર કર્યુ સિઝ-વધુ તપાસ હાથ ધરાઈ**

ગાંધીધામ : પૂર્વ કચ્છના ખાણખનિજ અધિકારી તરીકે જયારથી એન એ પટેલ મુકવામા આવ્યા છે ત્યારથી તેઓ તેમના કાર્યક્ષેત્રમાં રોજ બરોજ ખનીજચોરીકરનારા તત્વો પર ધોંષ બોલાવતી કાર્યવાહી કરી રહ્યા હોવાથી ખનીજચોરામાં આ વિસ્તારમાં રીતસરનો ફફડાટ જ વ્યાપી જવા પામ્યો હોવાનો વર્તારો જોવાઈ રહ્યો છે. દરમ્યાન જ આજ રોજ રોજ વહેલી સવારે તેઓએ ત્રાટકી અને મુંદરા તાલુકાના ઝરપરા પટ્ટામાં સાદી રેતી ચોરી કરનારાઓને સાણસામાં લઈ લીધા હોવાના અહેવાલો સામે આવ્યા છે. આ બાબતે સત્તાવાર રીતે મળતી માહીતી અનુસાર માન.કલેકટરશ્રી, આનંદ પટેલ IAS ની સુચનાથી ભૂસ્તરશાસ્ત્રીશ્રી ના માર્ગદર્શન હેઠળ ભુસ્તરવિજ્ઞાન અને ખનીજ કચેરી, પુર્વ કચ્છની ટીમ દ્વારા તપાસ તા.૦૭/૦૬/૨૦૨૫ ના રોજ વહેલી સવારે મુન્દ્રા તાલુકા માંથી ૧ લોડર તથા એક ટ્રેક્ટર દ્વારા સાદીરેતી ખનીજ ના બિન અધિકૃત ખનન સબબ સદરહુ વાહનો સીઝ કરવામાં આવેલ આ તપાસ દરમિયાન અંદાજીત ૩૦ લાખ નો મુદ્દામાલ જપ્ત કરી કસુરદારો સામે ગુજરાત મીનરલ (પ્રીવેન્શન ઓફ ઈલીગલ માઈનીંગ, ટ્રાન્સપોર્ટેશન એન્ડ સ્ટોરેજ) રૂલ્સ – ૨૦૧૭ ના નિયમોનુસાર કાર્યવાહી હાથ ધરવામાં આવશે.